પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૮-૦૩-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૯૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# મૂળભૂત અધિકારોનું રક્ષણ થવું જોઇએ : સુપ્રિમ

## સાંસદ ઈમરાન પ્રતાપગઢીને ભડકાઉ કવિતા કેસમાં સુપ્રિમ કોર્ટમાંથી મોટી રાહતઃ એફઆઈઆર રદ કરવા સુપ્રિમ કોર્ટનો આદેશ



નવી દિલ્હી, તા. ૨૮

કોંગ્રેસના રાજયસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીને આજે સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. કોંગ્રેસના સાંસદ વિરુદ્ધ ગુજરાતમાં દાખલ કરવામાં આવેલી FIR કોર્ટે ફગાવી દીધી હતી. જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની ખંડપીઠે કહ્યું કે કોંગ્રેસના સાંસદે જે કર્યું તે ગુનો નથી.

ગુજરાત પોલીસે કથિત રીતે સંવાદિતાને ખલેલ પહોંચાડનાર સોશિયલ મીડિયા પોસ્ટ સામે કેસ નોંધ્યો હતો. જસ્ટિસ ઓકાએ ચુકાદો આપતાં કહ્યું હતું કે સાહિત્ય, કલા, વ્યંગ જીવનને વધુ અર્થપૂર્ણ બનાવે છે; અભિવ્યક્તિની સ્વતંત્રતા ગૌરવપૂર્ણ જીવન માટે જરૂરી છે.

જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું કે નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું એ કોર્ટની ફરજ છે. બેન્ચે કહ્યું, "જો મોટી સંખ્યામાં લોકો બીજાના વિચારોને નાપસંદ કરતા હોય, તો પણ વ્યક્તિના મંતવ્યો વ્યક્ત કરવાના અધિકારનું સન્માન અને રક્ષણ થવું જોઈએ. સાહિત્ય, નાટક, ફિલ્મ, વ્યંગ અને કલા સહિતનું સાહિત્ય માનવ જીવનને વધુ અર્થપૂર્ણ બનાવે છે."

કોંગ્રેસના નેતાએ ગુજરાત હાઈકોર્ટના ૧૭ જાન્યુઆરીના આદેશને પડકાર્યો હતો, જેમાં તેમની સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાની તેમની અરજીને ફગાવી દેવામાં આવી હતી, એમ કહીને કે તપાસ હજુ ખૂબ જ પ્રાથમિક તબક્કામાં છે.

અનુસંધાન પાના ૭ પર

## કુંટુંબ ભાવના ઘસાઇ ગઇ હોવાનો સુપ્રિમ કોર્ટનો આક્રોશ

### માતા-પિતાની સંભાળ નહીં લેનાર સંતાનો અંગે સર્વોચ્ચ અદાલતનું આકરુ વલણ

નવી દિલ્હી, તા. ૨૮

દેશમાં ભુલાતી જતી સંયુકત કુટુંબ પ્રથા અને વધતા જતા વિભકત કુટુંબ પર એક મહત્વપૂર્ણ ટીપ્પણી કરતાં સુપ્રિમ કોર્ટે દેશમાં કુટુંબ વ્યવસ્થા પડી ભાંગવાના આરે હોવાનો આક્રોશ દર્શાવતાં કહ્યું કે હવે 'એક વ્યકિત-એક કુટુંબ' જેવી સ્થિતિ બની રહી છે.સુપ્રિમ કોર્ટે માતા-પિતા અને તેના સંતાનો પતિ પત્નિ વચ્ચે ભરણપોષણ તથા અન્ય કૌટુંબીક કાનુની વિચારો વધતા જાય છે

અનુસંધાન પાના ૭ પર

## ઓક્સફર્ડમાં મમતાના સંબોધન દરમિયાન વિદ્યાર્થીઓનો હોબાળો

### મમતા બેનર્જીએ જવાબ આપ્યોઃ આ રાજકારણનું પ્લેટફોર્મ નથી

લંડન, તા. ૨૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પ્રતિષ્ઠિત ઓકસફર્ડ યુનિવર્સિટી પહોંચ્યા હતા. ગઈકાલે તેમણે કેલોગ કોલેજમાં છાત્રોને સંબોધિત કરતા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓએ હોબાળો કરી કોલકાતામાં આરજીકર મેડીકલ કોલેજમાં મહિલા ડોકટર સાથે દુષ્કર્મ અને હત્યાનો મુદ્દો ઉછળ્યો હતો.ત્યારે મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે, આ મામલો અદાલતમાં છે અને કેન્દ્ર સરકાર પાસે છે. સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઇ)ના છાત્રોએ આ તકે 'ગો બેક'ના નારા લગાવ્યા હતા. મમતા બેનર્જીને



મહિલાઓ, બાળકો અને સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના સામાજિક વિકાસ પર સંબોધન આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.સંબોધન દરમિયાન બંગાળની 'સ્વાસ્થ્ય સાથી' અને 'કન્યાશ્રી' યોજનાઓનો ઉલ્લેખ કર્યો. જ્યારે તેમણે બંગાળમાં રોકાણ પર બોલવાનું શરૂ કર્યું,

અનુસંધાન પાના ૭ પર

## મ્યાનમારમાં સવારે ૭.૨ની તિવ્રતા ધરાવતો પ્રચંડ ભૂકંપ

### દિલ્હી અને એનસીઆરમાં પણ આંચકા અનુભવાયા

નવી દિલ્હી, તા. ૨૮

આજે (૨૮ માર્ચ) શુક્રવારે મ્યાનમારમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. રાજધાની દિલ્હી અને નજીકના NCR વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસ (GFZ) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું અને તેનું કેન્દ્ર મંડલે શહેરની નજીક સ્થિત હતું.

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ભૂકંપના આંચકા બાદ સેંકડો લોકો ગગનચુંબી ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા. મ્યાનમારમાં આ ભૂકંપથી થયેલા નુકસાન અંગે હજુ સુધી કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી.

મ્યાનમારમાં આવેલા ભૂકંપની તીવ્રતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નોઈડા અને ગાઝિયાબાદમાં પણ લોકો પોતાના ઘરની બહાર નીકળી ગયા. તે જ સમયે, પૂર્વોત્તર રાજ્યોમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ઉત્તરપૂર્વમાં મ્યાનમાર અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ અને મણિપુરની સરહદ ધરાવે છે.

## તા. ૧લીથી થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમ ૧૫થી ૨૦ ટકા વધશે

### વિમા કેલઈમના પ્રમાણમાં વધારો થતા પ્રિમીયમમાં વધારો થશે

નવી દિલ્હી, તા. ૨૮

નવા નાણાંકીય વર્ષના પ્રારંભે જ વાહન માલીકોને ઝટકો સહન કરવો પડે તેમ છે.વીમા કંપનીઓ દ્વારા થર્ડ પાર્ટી વાહન વીમામાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો ઝીંકે તેવી શકયતા છે. પાંચ વર્ષથી દર યથાવત છે અને વીમા દાવાઓના વધતા બોઝને ધ્યાને રાખીને વધારો કરવાની તૈયારી છે.

વીમા ક્ષેત્રની કંપનીઓનાં સુત્રોએ જણાવ્યું હતું કે, વધતા વીમા દાવા અને ઘટતા માર્જીનથી દર વધારો અનિવાર્ય છે.થર્ડ પાર્ટી વીમાનો ખર્ચ વર્ષે ૧૧-૧૨ ટકાની સરેરાશથી વધે છે. જયારે છેલ્લા પાંચ-સાત વર્ષથી તેમાં વધારો માત્ર ૨-૩ ટકાના ધોરણે જ થયો છે.

આ સંજોગોમાં વીમા પ્રિમીયમમાં નોંધપાત્ર વધારો કરવો પડે તેમ છે. ૨૦ ટકા વધારો કરવાની ગણતરી છે વીમા નિયમનકાર ઈરડા દ્વારા દર વર્ષે વીમાદાવાને ગણતરીમાં રાખીને થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમમાં વધારાની છૂટ આપવામાં આવતી હોય છે.

વર્ષ ૨૦૧૩થી ૨૦૧૮માં થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમમાં મોટો વધારો કરાયો હતો પરંતુ ત્યારપછીનાં સાત વર્ષોથી માત્ર ૨-૩ ટકાના દરે જ વધારો થયો છે. ૨૦૨૩ અને ૨૦૨૪માં થર્ડ પાર્ટી વીમા દાવાનો રેશીયો ૮૨ ટકા થયો છે.એટલે નોંધપાત્ર વધારો માંગવામાં આવ્યો છે. ન્યુ ઈન્ડીયા ઈુસ્યોરન્સનાં દાવા રેશીયો ત્રીજા ત્રિમાસીક ગાળામાં ૧૦૨ ટકાએ પહોંચ્યો છે. તો ડીજીટનો રેશીયો ૬૧ ટકાથી વધીને ૬૫ ટકા થયો હતો. વિપરીતપણે મોટર નુકશાની રેશીયોમાં સતત ઘટાડો છે.થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમ વાહનનાં એન્જીનની સાઈઝ મુજબ નકકી થયુ હોય છે. ૧૦૦૦ સીસીની નાની કારનુ રીન્યુઅલ પ્રિમીયમ ૨૧૦૦ રૂપિયાથી વધીને ૨૫૦૦ થઈ શકે છે. ૧૫૦૦ સીસી સુદીની કારનું પ્રિમીયમ રૂા.૩૪૦૦ થી વધીને ૪૦૦૦ થઈ શકે છે.

## વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે યોજેલી ઈફ્તાર પાર્ટી અંગે ભારે વિવાદ

### મુસ્લીમ સાંસદોને આમંત્રણ નહીં મળતા મુસ્લિમોમાં રોષ

નવી દિલ્હી, તા. ૨૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પ્રથમ વખત ઈફ્તાર પાર્ટીની મેજબાની આપી હતી. જો કે, ટ્રમ્પની આ ઈફ્તાર પાર્ટી વિવાદોમાં ઘેરાઈ છે. ટ્રમ્પની ઈફ્તાર પાર્ટીમાં મુસ્લિમ સાંસદોને જ આમંત્રણ ન મળતાં અમેરિકાના મુસ્લિમો રોષે ભરાયા છે.

અમેરિકામાં બીજી વખત પ્રમુખ બન્યા બાદ ટ્રમ્પે પ્રથમ વખત ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યુ હતું. વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવાની પરંપરા દાયકા જૂની છે. પરંતુ આ વખતે ટ્રમ્પે અમેરિકાના મુસ્લિમ સાંસદો અને સમુદાય સાથે જોડાયેલા નેતાઓને આમંત્રણ આપ્યુ ન હતું. જેના લીધે મુસ્લિમો રોષે ભરાયા છે. તેમણે મુસ્લિમ દેશોના વિદેશી રાજદૂતોને ઈફ્તાર ડિનરમાં સામેલ થવા આમંત્રણ આપ્યું હતું.આમંત્રણ ન મળવાથી વ્હાઈટ હાઉસની બહાર ઘણા મુસ્લિમ સિવિલ રાઈટ્સ

ગ્રૂપે 'Not Trump's Iftar' (નોટ ટ્રમ્પ્સ ઈફ્તાર)ના સુત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. જેમાં એક પ્રદર્શનકારીએ જણાવ્યું હતું કે, 'આ ડોનાલ્ડ ટ્રમ્પનું એક પ્રકારનું પાખંડ છે. એક બાજુ તે મુસ્લિમ દેશો પર પ્રતિબંધ લાદે

અનુસંધાન પાના ૭ પર

## ૨૦૨૫ ભારત માટે સૌથી ગરમ વર્ષ હિટ વેવના દિવસો પણ બમણા હશે

### દેશભરમાં આ વખતે કાળઝાળ ગરમી પડવાની હવામાન વિભાગની આગાહી



નવી દિલ્હી, તા. ૨૮

આ વખતે દેશમાં અપેક્ષા કરતાં વધુ ગરમી રહેવાની છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વર્ષે દેશના ઉત્તર-પશ્ચિમ રાજ્યો એટલે કે હરિયાણા, પંજાબ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, દિલ્હીમાં ગરમીના દિવસોની સંખ્યા બમણી થવાની સંભાવના છે.

૨૦૨૪નું વર્ષ ભારત માટે સૌથી ગરમ વર્ષોમાંનું એક હતું. ગયા વર્ષે દેશ ૫૫૪ દિવસ સુધી હીટવેવથી પ્રભાવિત રહ્યો હતો. સામાન્ય રીતે એપ્રિલથી જૂન સુધી સતત ૫-૬ દિવસ સુધી ગરમીનું મોજું ચાલુ રહે છે, પરંતુ આ વખતે ૧૦ થી ૧૨ દિવસના અનેક લૂપ હોઈ શકે છે.

જોકે, હવામાન વિભાગે આ વર્ષે હીટવેવની અસર કેટલા દિવસ રહેશે તેની માહિતી આપી નથી. હવામાનશાસ્ત્રીઓ કહે છે કે જો ગરમીના દિવસોની સંખ્યા બમણી થાય છે, તો ૨૦૨૫ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ હશે. આ દિવસોમાં તાપમાન ૫ ડિગ્રી અથવા સામાન્ય કરતા વધુ રહી શકે છે.

વર્ષમાં ૩૬૫ દિવસ, તો હીટવેવ ૫૫૪ દિવસ કેમ... ધારો કે કોઈ મહિનામાં દિલ્હીમાં ૧૦ દિવસ, રાજસ્થાનમાં ૧૫ દિવસ, યુપીમાં ૧૨ દિવસ અને બિહારમાં ૮ દિવસ ગરમીનો પ્રકોપ રહે છે, તો ગરમીના દિવસો ૪૫ (૧૦+૧૫+૧૨+૮) ગણાશે. આનો અર્થ એ થયો કે તે મહિનામાં આ ચાર રાજ્યોમાં હીટવેવની કુલ ઘટનાઓ ૪૫ છે, અને એવું નથી કે મહિનામાં ૪૫ ગરમીના દિવસો હતા. તેવી જ રીતે, ૨૦૨૪માં

અનુસંધાન પાના ૭ પર



## કઠુઆમાં ત્રણ આતંકવાદી ઠાર અને ત્રણ સુરક્ષા જવાનો શહીદ

### ચાર દિવસથી ઘરાયેલા આતંકવાદીઓનો સફાયો : બે જવાન ઘાયલ

શ્રીનગર, તા. ૨૮

જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લાના ગાઢ જંગલોમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા, જ્યારે જમ્મુ અને કાશ્મીર પોલીસના ત્રણ જવાનો શહીદ થયા હતા બે અન્ય ઘાયલ થયા હતા. આ એન્કાઉન્ટર છેલ્લા ૪ દિવસથી કઠુઆના જંગલોમાં ચાલી રહેલા આતંકવાદ વિરોધી ઓપરેશનનો એક ભાગ હતું.

અનુસંધાન પાના ૭ પર

## ભારત સાથેનો સરહદી વિવાદ ઉકેલવા આખરે ચીન સમંત થયું

### પુતિનની ભારત મુલાકાત પૂર્વે ચીનના વલણમાં સૂચક ફેરફાર

બીજીંગ, તા. ૨૮

સંયોગ કહો કે ભારત અને રશિયા વચ્ચે વધતી જતી મિત્રતાનો વ્યૂહાત્મક ઉપયોગ પુતિનની ભારત મુલાકાતની તારીખ નક્કી થાય તે પહેલા જ ચીન ભારત સાથેના સરહદી વિવાદોને ઉકેલવા માટે સંમત થઈ ગયું છે. સંરક્ષણ નિષ્ણાતો ચીનને ભારતની નજીક લાવવામાં રશિયન પ્રમુખ પુતિનની ભૂમિકાને મહત્વપૂર્ણ માને છે.



ટ્રમ્પ અમેરિકામાં પ્રમુખ બન્યા પછી ઝડપથી બદલાતા વૈશ્વિક ભૌગોલિક રાજકીય સંજોગો વચ્ચે સત્તા સંતુલિત કરવાની આ ચીનની પોતાની મજબૂરી પણ હોઈ શકે છે. આવી સ્થિતિમાં ચીન ભારત સાથે સહયોગ કરે તે વધુ સારું છે.

વૈશ્વિક સંજોગો વચ્ચે ચીનની આર્મી પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ કહ્યું કે, તે મજબૂત અને સ્થિર સંરક્ષણ સંબંધોની સાથે સરહદ મુદ્દાના ન્યાયી અને ન્યાયપૂર્ણ ઉકેલને લાગુ કરવા માટે ભારતીય સેના સાથે કામ કરવા માટે તૈયાર છે.

ચીનના રાષ્ટ્રીય સંરક્ષણ પ્રવક્તા વરિષ્ઠ કર્નલ વુ ક્વિઆને પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પરથી

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકા સાથેના જૂના સંબંધો હવે ખતમ : કેનેડા

### ટ્રમ્પના ટેરિફ કાયદાઓ સામે લડતા રહીશું : માર્ક કોર્ને

નવી દિલ્હી, તા. ૨૮

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ ગુરુવારે કહ્યું કે અમેરિકા-કેનેડાના જૂના સંબંધો હવે પૂરા થઈ ગયા છે. ટ્રમ્પ દ્વારા વિદેશી કારો પર ૨૫% ટેરિફ લાદવાના વિવાદ બાદ કેનેડિયન પીએમએ આ વાત કહી હતી.

રાજધાની ઓટ્ટાવામાં કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા, કાર્નેએ કહ્યું કે કેનેડાના અમેરિકા સાથેના જૂના સંબંધો, જે મૂળભૂત રીતે અર્થતંત્રને એક રાખવા અને સુરક્ષા અને લશ્કરી સહયોગને આગળ વધારવા પર આધારિત હતા, તે હવે અસ્તિત્વમાં નથી.

જો બંને નેતાઓ વચ્ચે વાતચીત થાય છે, તો કાર્ને વડાપ્રધાન બન્યા પછી આ પહેલીવાર હશે જ્યારે તેઓ યુએસ રાષ્ટ્રપતિ સાથે વાત કરશે. સામાન્ય રીતે, નવા કેનેડિયન પીએમ પદ સંભાળ્યા પછી તરત જ યુએસ રાષ્ટ્રપતિ સાથે ફોન પર વાત કરે છે, પરંતુ ત્યારથી ૧૩ દિવસ વીતી ગયા છે છતાં બંને નેતાઓએ વાત કરી નથી.

કેનેડામાં ૨૮ એપ્રિલે સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે.ટેરિફથી કેનેડિયન ઓટો ઉદ્યોગને નુકસાન થયું આ પહેલા ૨૬ માર્ચે, ટ્રમ્પે વિદેશી કારો પર ટેરિફની જાહેરાત કરી હતી. આ

અનુસંધાન પાના ૭ પર

## ઈદ પુર્વે યુએઇ દ્વારા ૫૦૦ ભારતીયો સહિત ૧૫૦૦ કેદીઓ મુકત કરાયા

### રમઝાનમાં કેદીઓને માફી આપતું સંયુક્ત આરબ અમીરાત

નવી દિલ્હી, તા. ૨૮

સંયુક્ત આરબ અમીરાત (UAE)ના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને ફેબ્રુઆરીના અંતમાં એક મોટી જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિએ રમઝાન પહેલા કેદીઓને માફી આપીને મુક્ત કરવાની વાત કરી છે. હવે રમઝાનના અંતમાં ૧૨૯૫ કેદીઓને મુક્ત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. અહેવાલો



અનુસાર, UAEના પ્રમુખ શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમે ૧૫૧૮ કેદીઓને માફીની જાહેરાત કરી છે. મુક્ત કરાયેલા લોકોમાં ૫૦૦થી વધુ ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે.કેદીઓને માફીની જાહેરાત ફેબ્રુઆરીના અંતમાં કરવામાં આવી હતી. ત્યારે યુએઈના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન રશીદ અલ મકતુમે કુલ ૧૫૧૮ કેદીઓને માફીની જાહેરાત કરી હતી. જયારે હવે ઈદ પહેલા તેમને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે તેમાં ૫૦૦થી વધુ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. UAEની કુલ વસ્તીના ૩૭.૯૬% ભારતીયો છે. ડિસેમ્બર ૨૦૨૪માં, સંયુક્ત આરબ અમીરાતમાં ભારતીયોની વસ્તી ૩૫,૬૮,૮૪૮ (૩.૬ મિલિયન) હતી. તે વિશ્વમાં ભારતીયોની બીજી સૌથી મોટી વસ્તી ધરાવતો દેશ છે. UAEમાં રહેતા ભારતીયોએ દેશના દરેક ક્ષેત્રના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે.

# ખેડૂતો પ્રત્યે સંવેદન દર્શાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્નોલોજીના સુચારું ઉપયોગથી પ્રજાજનોની સમસ્યા-રજૂઆતોના નિવારણ 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત માર્ચ-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહીને વિવિધ રજૂઆતો સાંભળી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્વાગતમાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી અને લાંબા સમયથી બાકી પ્રશ્નોનું નિવારણ ત્વરિત અને નિશ્ચિત સમયમર્યાદામાં લાવી દેવાના સ્પષ્ટ દિશા નિર્દેશો સંબંધિત અધિકારીઓને આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, હવે લોકોમાં જાગૃતિ વધી છે અને વ્યક્તિગત સાથોસાથ જાહેરહિતને લગતા પ્રશ્નો પણ સ્વાગતમાં આવતા થયા છે. તેમણે આ સંદર્ભમાં સંબંધિત તંત્રવાહકોને પણ આવા પ્રશ્નોના નિવારણ માટે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા દિશાનિર્દેશો આપ્યાં હતા. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતા રાજ્ય સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકો-અરજદારોએ પોતાની રજૂઆતો ગુરૂવારે સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ દરમિયાન રજૂ કરી હતી. માર્ચ-૨૦૨૫ના ચોથા ગુરૂવારે યોજાયેલા આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત અરજદારોની રજૂઆતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ધ્યાનપૂર્વક સાંભળીને તે સંદર્ભમાં સંબંધિત જિલ્લા તંત્ર કે વિભાગે તે રજૂઆતો અંગે કરેલી કાર્યવાહીની પણ જાણકારી મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કક્ષની વિડીયો વોલ મારફતે મેળવી હતી. આ રાજ્ય સ્વાગતમાં કુલ ૧૩૧ જેટલી રજૂઆતો મળી હતી તેનું સંબંધિત અધિકારીઓ દ્વારા નિરાકરણ કરવા માટે સંબંધિતોને સૂચનાઓ આપવામાં આવી હતી. રાજયભરમાં જિલ્લા કક્ષાએ કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમો પણ નિયમિતપણે યોજાય છે, તેમાં માર્ચ-૨૦૨૫ના સ્વાગતમાં વિવિધ નાગરિકોની કુલ ૧૦૮૮ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે યોગ્ય સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજ્યભરમાં તાલુકા કક્ષાએ યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૧૭૨૪ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી મનોજકુમાર દાસ, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી ધીરજ પારેખ તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ પણ જોડાયા હતા.

**મુખઅયમંત્રીએ 'સ્વાગત'માં રજૂ થતાં ખેડૂતોના પ્રશ્નો અને લાંબા સમયથી બાકી પ્રશ્નોનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ માટે સ્પષ્ટ દિશા-નિર્દેશો આપ્યા**



# ખેરગામના સરપંચો તથા તાલુકાના સભ્યો વિધાનસભા ગૃહની મુલાકાતે

### અગ્રણીઓ ગાંધીનગર ખાતે ગૃહની કામગીરી નિહાળી

ખેરગામ, તા.૨૮

ગણદેવી મત વિસ્તારના ચીખલી, ગણદેવી અને ખેરગામ તાલુકાના સરપંચો, સંગઠનના આગેવાનો અને કાર્યકર્તાઓએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી હતી. વિધાનસભા ગૃહમાં વિપક્ષના ધારાસભ્યો ને સત્તા પક્ષના ધારાસભ્યો કેવી રીતે પ્રજાના પ્રશ્નો રજૂ કરે છે એ કામગીરી પણ નિહાળી હતી.ખેરગામ તાલુકાના સરપંચો, તાલુકા પંચાયતના સભ્યોને ગાંધીનગર વિધાનસભાની ગૃહની પદ્ધતિ નિહાળવાનો આ અવસર મળ્યો હતો. આગેવાનોએ શંકર ચૌધરી સાથે શુભેચ્છા મુલાકાતનો લાભ લીધો હતો.એ બાદ સૌની સાથે ભોજનની મજા માણી હતી.આ મહત્ત્વપૂર્ણ મુલાકાત દરમિયાન રાજ્યની સંસદીય પ્રક્રિયા વિશે સમજૂતી મળી હતી. જે રાજ્યના વિકાસ માટે કાર્યરત રહેવા પ્રેરણારૂપ સાબિત થશે.તમામ સરપંચો કાર્યકર્તાઓને લઈ જવાનું અને જમવાની વ્યવસ્થા ધારાસભ્ય નરેશભાઈ પટેલે કરી હતી. જે માટે સરપંચો અને કાર્યકર્તાઓએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.



# યોગ બોર્ડ દ્વારા પાંડેસરા ખાતે યોગ પ્રોટોકોલ તાલીમ

સુરત, તા.૨૮

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અટલ બિહારી ગાર્ડન,પાંડેસરા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રોટોકોલ તાલીમ યોજાઈ હતી, જેમાં સ્ટેટ કોઓર્ડીનેટર અનિલ ત્રિવેદીએ ૧૫૦ થી વધુ ય્જીરૂ્મ કોચ, ટ્રેનરો અને સાધકોને તાલીમબદ્ધ કર્યા હતા.

તેમણે યોગ પ્રોટોકોલના વિવિધ પાસાઓ અંગે ઝીણવટભરી સમજ આપી હતી. આ પ્રસંગે મનપા કોર્ડીનેટર ડો.પારૂલ પટેલ, જિલ્લા કોઓર્ડીનેટર હીનાબેન ચાવડા, સોશિયલ મીડિયા કોઓર્ડીનેટર સપના શર્મા અને હિરલ દવે સહિત યોગ કોચ, ટ્રેનરો અને સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# અઠવા ઝોનમાં પાણી વિતરણનો સમય પુનઃ પૂર્વવત કરી દેવાશે

### તા.30મીથી સાંજને બદલે સવારે પાણી પુરુ પડાશે

સુરત, તા.૨૮

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટર વર્કસ ખાતે હયાત ૨૦૦+૫૦= ૨૫૦ એમ.એલ.ડી. ક્ષામતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પૈકી ૫૦ એમ.એલ.ડી. ક્ષામતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ફીલ્ટર બેડમાં મોડીફીકેશન કરી સીરામીક મેમ્બ્રેન આધારીત ફીલ્ટર બેડ તૈયાર કરી ક્ષામતા વધારી ૧૬૦ એમ.એલ.ડી. કરવાની આંશિક કામગીરી પુર્ણ થયેલ હોઇ, અગાઉ અઠવા વોટર ડીટ્રીબ્યુશન સ્ટેશન મારફત અપાતા સીટીલાઇટ રોડ, ન્યુ સીટી લાઈટ રોડ(પાર્ટ), પીપલોદ ગામ, ઉમરા ગામતળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,એસ.વી.એન.આઈ.ટી. કેમ્પસ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં સવારે ૦૮:૩૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન આપવામા આવતા પાણી પુરવઠાના સમયમાં તા.૦૧/૦૭/૨૦૨૪ થી સાંજે ૦૬:૦૦ થી ૦૯:૧૫ કલાક આપવામાં આવે છે. જે સપ્લાય સમય પુર્વવત્ કરી તા.૩૦/૦૩/૨૦૨૫ થી સવારે ૦૮:૩૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે.

# સોડસુંબામાં માસુમ બાળકીની હત્યા કરી દંપતિનો આપઘાત

### નિલકંઠ એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી ત્રણ મૃતદેહ મળી આવ્યાં

વલસાડ, તા.૨૮

વલસાડ જિલ્લા ના ઉંમરગામ તાલુકા માં આવેલ સોડસુંબા નજીક ક્રિષ્ણા નગર વિસ્તાર માં નીલકંઠ એપાર્ટમેન્ટ ના ત્રીજા માળે રૂમ નંબર ૩૦૪માં રહેતા પરિવાર માં પતિ શિવમ વિશ્વ કર્મા અને પત્ની આરતી અને એક બે વર્ષ ના માસુમ બાળક મૂળ ઝાંસી ના રહેવાસી હોવાની જાણકારી મળી. પડોશી દ્વારાઘર ના દરવાજા ખોલવા પ્રયાસ કરતા કોઈ પ્રત્યુતર ના મળતા શંકા જતા મૃતક ના સગાસંબંધી ને બોલાવી નજીક ના પોલીસ સ્ટેશન મા જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી પરિવાર ના ત્રણ સદસ્યો ને ગળે ફાંસો લાગેલી હાલત માં મળી આવતા પોલીસ દ્વારા મૃતક ની લાશ નો કબજો લઈ નજીક ના સરકારી દવાખાને પી એમ માટે લઈ જવાયા.

કોઈ અગમ્ય કારણવશ ગળે ફાંસો ખાઈ ને જીવન ટૂંકાવી દેવાનો કિસ્સો સામે આવતા સમગ્ર વિસ્તાર માં ભય નો માહોલ જોવા મળ્યો. હવેપી એમ ના રીપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત ઉપર થી પરદો ઊઠશે? હાલ પરિવાર ના તમામ સદસ્યો ના થયેલા મોત ને લઈ લોકો દ્વારા અલગ અલગ અટકળો લાગવામાં આવી રહી છે.

# AM-NS ઈન્ડિયા દ્વારા ખોપોલી ખાતે પ્રથમ સ્ક્રેપ પ્રોસેસિંગ યુનિટ શરૂ

### ચાર રાષ્ટ્રીય સ્ક્રેપ પ્રોસેસિંગ યુનિટમાંથી પ્રથમ યુનિટનો મહારાષ્ટ્રમાં પ્રારંભ

સુરત, તા.૨૮

આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS ઈન્ડિયા) એ મહારાષ્ટ્રમાં ખોપોલી ઉત્પાદન સ્થળ ખાતે તેની પ્રથમ સ્ક્રેપ પ્રોસેસિંગ સુવિધા શરૂ કરી છે, જેની વાર્ષિક ક્ષમતા ૧૨૦ કિલો ટન પ્રતિ વર્ષ (KTPA) છે. ઉલ્લેખનીય છે કે, ખોપોલી યુનિટ AM/NS ઈન્ડિયા દ્વારા રાષ્ટ્રીય સ્તરે વિકસાવવામાં આવી રહેલા ચાર સ્ક્રેપ પ્રોસેસિંગ યુનિટમાંથી પ્રથમ યુનિટ છે. જે તેના સ્ટીલ ઉત્પાદન માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા સ્ક્રેપની વધતી જતી માંગને પહોંચી વળવા અને સ્થાનિક સ્ક્રેપ સપ્લાય ચેઇનને મજબૂત બનાવવા માટે ૩૫૦ કરોડના રોકાણ પ્રોગ્રામના ભાગરૂપે વિકસાવવામાં આવી રહ્યું છે.

ભારતની સ્ક્રેપ સપ્લાય ચેઇન હાલમાં ખૂબ જ વિભાજીત છે. જેમાં ઉપયોગી મટિરિયલ, વાસ્તવિક વપરાશ સ્થળ સુધી પહોંચતા પહેલા સ્થાનિક સ્ક્રેપ કલેક્ટર્સથી લઈને સ્ક્રેપયાર્ડ્સ સુધી અનેક મધ્યસ્થીઓમાંથી પસાર થાય છે. આ જટિલ પ્રક્રિયા ખર્ચમાં વધારો કરે છે અને મટિરિયલની ગુણવત્તા પણ ઘટાડે છે. પોતાની જ ઉત્પાદન સુવિધાઓ પર સ્ક્રેપની પ્રક્રિયા કરીને તેમજ સ્ક્રેપ ઉદ્યોગને ઔપચારિક બનાવીને, AM/NS ઈન્ડિયા રૂપાંતરણ અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાની સાથે મટિરિયલની ગુણવત્તા અને ઉપજમાં વધારો કરી રહ્યું છે. ખોપોલી યુનિટનું કમિશનિંગ અને મોટા સ્તર પર રોલઆઉટ, સ્ક્રેપને મોટા પાયે પ્રોસેસ કરવા માટે એક સફળ પાયલોટ પ્રોજેક્ટ બાદ થયું છે. જે ઓટોમોટિવ ઉત્પાદકો અને શિપ ફ્લીટ ઓપરેટરો સહિત AM/NS ઈન્ડિયાના વિશાળ ગ્રાહક આધારમાં, રિસાયકલ સ્ટીલ્સની વધતી માંગને પહોંચી વળવા માટે મહત્વપૂર્ણ છે. વ્હીકલ સ્ક્રેપેજ પોલિસી (૨૦૨૧) અને એપ્રિલ ૨૦૨૫ માં અમલમાં આવનારા એક્સટેન્ડેડ પ્રોડ્યુસર રિસ્પોન્સિબીલીટી (EPR-વિસ્તૃત ઉત્પાદક જવાબદારી) ધોરણો તેમજ ગ્રીન સ્ટીલ ટેકેસોનોમી જેવા સરકારી પગલાંઓથી પણ સ્થાનિક, ઘરેલું સ્ક્રેપની ઉપલબ્ધતાને પણ પ્રોત્સાહન મળવાની આશા છે. વળી, AM/NS ઈન્ડિયાની વધતી જતી સ્ક્રેપ પ્રોસેસિંગ ક્ષમતા, સ્થાનિક સ્ક્રેપ ઉપલબ્ધતા અને સપ્લાય ચેઇન કાર્યક્ષમતાને મજબૂત બનાવવાના રાષ્ટ્રીય પ્રયાસોને પણ ટેકો આપશે.



# નવસારી જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

### ફરિયાદોનું નિશ્ચિત મુદ્દતમાં નિવારણ કરવા ડીડીઓ પુષ્પલતાની સૂચના

નવસારી, તા.૨૮

લોકપ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિમાસ યોજાતા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા પ્રસ્તુત થયેલા પ્રશ્નો પૈકી મોટા ભાગના પ્રશ્નોનું નિવારણ લાવવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં આજે જિલ્લા વિકાસઅધિકારીશ્રીપુષ્પલતાની અધ્યક્ષતામાં યોજાયેલા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોની રજૂઆત સાંભળ્યા બાદ ડી.ડી.ઓ શ્રીએ સંબંધિત અધિકારીઓને અરજદારનાપ્રશ્નોને પ્રાથમિકતા આપી તાત્કાલિક ઉકેલ લાવવા જણાવ્યું હતું તથાસંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી હતી. તેમજ આ સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને

અનુસંધાન પાના ૭ પર

## અમરોલીથી કિર્તીસિંહ રાઠોડ લાપતા

સુરત, તા.૨૮

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ સવારે ૮:૩૫ વાગ્યે, ઘર નં. ૩૦૫, રીલાયન્સનગર, ગુ.હા.બોર્ડ, છાપરાભાઠા, અમરોલી, સુરત ખાતે રહેતા ૬૦ વર્ષીય કિર્તીસિંહ લાલસિંહ રાઠોડ ગુમ (અપહરણ) થઈ ગયા હતા. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને શ્યામ વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૦" છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી કલ્પના પાથર ગુમ

સુરત, તા.૨૮

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે ૬:૩૦ વાગ્યે, ઘ.નં. ૧૧૪, ગુરુનગર, નવા જલારામ મંદિરની સામે, અમરોલી, સુરત, (મૂળ વતનઃ અંબિકાનગર, કુકાવાવ રોડ, જેસિંગપરા, અમરેલી) ખાતે રહેતી ૧૬ વર્ષીય કલ્પના સંજયભાઈ નાગજીભાઈ પાથર ગુમ (અપહરણ) થઈ ગઈ હતી. તેમનું શરીર પાતળું બાંધાનું અને ઘઉં વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૪'૦" છે. ગુમ થતા સમયે, તેમણે બ્લુ રંગનું ટી-શર્ટ અને કાળી લેગીઝ પહેરેલી હતી. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલી મીનાબેન વસાવા ગુમ

સુરત, તા.૨૮

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ, રૂમ નં-૧૦૦૪/૭, સુમન વૈભવ, તારવાડી, છાપરાભાઠા, અમરોલી, સુરત ખાતે રહેતી ૪૦ વર્ષીય મીનાબેન ભરતભાઈ દામજીભાઈ વસાવા ગુમ (અપહરણ) થઈ ગઈ હતી. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને શ્યામ વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૪'૦૬" છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી રિધ્ધી વસાવા લાપતા

સુરત, તા.૨૮

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ, રૂમ નં-૧૦૦૪/૭, સુમન વૈભવ, તારવાડી, છાપરાભાઠા, અમરોલી, સુરત ખાતે રહેતી ૨૩ વર્ષીય રિધ્ધી ભરતભાઈ વસાવા ગુમ (અપહરણ) થઈ ગઈ હતી. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને શ્યામ વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૦" છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સલાબતપુરા મોહમદ તનજીલ શેખ ગુમ

સુરત, તા.૨૮

સલાબતપુરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ સવારે ૭:૩૦ વાગ્યે, ઘ.નં. ૦૮ જે/૩, ત્રીજો માળ, સલાબતપુરા, સુરત ખાતે રહેતા ૪૫ વર્ષીય મોહમદ તનજીલ તસનીક શેખ ગુમ (અપહરણ) થઈ ગયા હતા. તેમનું શરીર મધ્યમ બાંધાનું અને ગોરો વર્ણનું છે. તેમની ઊંચાઈ આશરે ૫'૦" છે. ગુમ થતા સમયે, તેઓ સફેદ-કાળા રંગનું ચોકડીવાળું શર્ટ અને વ્હાઇટ-બ્લુ જીન્સ પેન્ટ પહેરેલ હતા. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સલાબતપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# દાદરા નગર હવેલીમાં બાકી વેરાની કડકાઈપૂર્વક વસુલી

### પીપરીયાની કંપનીને સીલ મારી દેવાયું

વાપી, તા.૨૮

દાદરા નગર હવેલી પીપરીયા ઔદ્યોગિક વિસ્તાર માં કંપની સંચાલકો દ્વારા પાલીકા ના વેરા ની ચૂકવણી કરવામાં કરેલી લાપરવાહી ને લઈ પાલિકા દ્વારા ઘણી ખરી કંપની ના કામકાજ ઉપર રોક લગાવી સિલ કરવાની કાર્યવાહી

અનુસંધાન પાના ૭ પર



**સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી (SCET) દ્વારા NSS ટીમના સંયોજન હેઠળ, ઈન્ડિયન રેડ ક્રોસ સાથે મળીને થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવાસ ના કેમ્પમાં કોલેજના ૭૯૪ વિધાર્થીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. આ અવસરે NSS ટીમના સંયોજકોએ થેલેસેમિયા અંગે માહિતગાર કર્યા હતા. SCET NSS દ્વારા દર વર્ષે આવા સામાજિક સેવા અભિયાન હાથ ધરવામાં આવે છે.**

# સુરતમાં તેલગુ સમાજ દ્વારા 30 માર્ચે નવા વર્ષ ઉગાદીની ઉજવણી

**તેલુગુ ભાષામાં બેસતા વર્ષનો અર્થ 'ઉગાદી' થાય છે**

સુરત, તા.૨૮

૩૦ માર્ચ રવિવારથી વિશ્વાસુનામ તેલુગુ નવું વર્ષ શરૂ થશે જેને તેલગુ ભાષામાં "ઉગાદી" નામથી ઓળખાય છે. ઉગાદી સમગ્ર તેલંગાના અને આંધ્રમાં નવા વર્ષ તરીકે ઉજવાય છે, આ પર્વને તેલુગુ સમાજના લોકો ખૂબ ઉત્સાહ અને ઉમંગ સાથે વિશિષ્ટ રીતે ભવ્ય ઉજવણી કરતા હોય છે, સખ્ત મહેનતુ આ તેલુગુ સમાજ દુનિયાના કોઈપણ ખૂણે વસવાટ કરતા હોય પણ આ મુખ્ય તહેવારની ઉજવણી માટે કોઈ કચાસ નથી રાખતા, આ ખાસ પ્રસંગ માટે એક ખાસ ચટણી પણ છે આ પર્વ લીમડાના ફૂલ, આમલી,ગુડ, કેરી, કોપરા,તાડીયા વગેરેનું મિશ્રણથી "ઉગાદી પચ્ચડી" બનાવવામાં આવે છે,આ આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ વાનગી પ્રસાદ રૂપે આપી એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે, સુરતમાં વસતા વિશાળ તેલુગુ સમાજ વર્ષોથી આ દિવસની ઉજવણી ખૂબ જ સરસ રીતે કરે છે, આ તહેવાર સાથે ઘણી બધી વિધિ અને પરંપરાઓ જોડાયેલી છે, તહેવારની શરૂઆત સાથે લોકો વહેલા જાગે છે, તેમના ઘરોને સાફ કરે છે, ફૂલોથી શણગારે છે, આંબાના પાંદડાને તોરણ દરવાજા ની સાથે બાંધે છે, આ દિવસે



સુરતમાં વસતા તેલુગુ સમાજના લોકો લિંબાયત પ્રતાપનગર સ્થિત માર્કંડેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં એકત્રિત થાય છે, મંદિરમાં ભક્તિભય વાતાવરણ માં હર્ષોલ્લાસ સાથે પૂજા અર્ચના સાથે જ્યોતિષો દ્વારા નવા વર્ષના દેશ દુનિયાના ભવિષ્ય સાથે પોતાના અને સ્વજનોના રાશિફળ ની જાણકારી શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરે છે, અને મંદિરમાં લોકોની ભીડ ઉમટી પડે છે, સમસ્ત તેલુગુ સમાજના લોકોને સુરત તેલગુ આદર્શ મિત્ર મંડળના પ્રમુખ શ્રી ગોને સોમૈયા,મહામંત્રી શ્રી રાપોલુ

અનુસંધાન પાના ૭ પર





# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સાસણગીર ખાતે જંગલ સફારીની મુલાકાત પછી ગીર આવનારા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮%થી વધુનો ઉછાળો

## વડાપ્રધાનશ્રીના ગુજરાત પ્રવાસ પછી બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા ફક્ત એક જ મહિનામાં બમણી થઈ

### બરડા વન્યજીવ અભયારણ્ય આજે બન્યું છે એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન

ગાંધીનગર, ૨૭ માર્ચ, ૨૦૨૫: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧ થી ૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા. તેમના આ પ્રવાસના છેલ્લા દિવસે એટલે કે ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ તેઓએ સાસણગીર સ્થિત જંગલ સફારી ખાતે 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરી હતી. તેમણે ગીર અભયારણ્યમાં સિંહ દર્શનનો આનંદ માણ્યો હતો તેમજ ઓપન જીપમાં સવાર થઈને કેમેરાથી સિંહોના ફોટા પણ પાડ્યા હતા. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત પછી સાસણગીર જંગલ સફારીમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીની મુલાકાત પહેલાના ૨૦ દિવસમાં ગીરમાં પ્રવાસીઓની સંખ્યા ૪૯,૬૮૧ હતી, જે તેઓની મુલાકાત પછીના ૨૦ દિવસમાં વધીને ૫૯,૦૦૯ થઈ ગઈ છે, જે પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૮% નો વધારો દર્શાવે છે.

વડાપ્રધાનશ્રીની ગીર જંગલ સફારીની મુલાકાતના પગલે પોરબંદર જિલ્લામાં સ્થિત બરડા વન્યજીવ અભયારણ્ય, જે એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન કહેવાય છે, તેમાં પણ હવે પ્રવાસીઓનો રસ જાગૃત થયો છે. તેના કારણે, ફેબ્રુઆરી, ૨૦૨૫ની સરખામણીએ માર્ચ, ૨૦૨૫માં બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન બરડા સફારીની મુલાકાતે ૧૦૮ પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે માર્ચ મહિનામાં ૨૧૫ પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.

બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન

અત્યારસુધી જૂનાગઢ સ્થિત ગીર અભયારણ્ય એશિયાઇ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન હતું. પોરબંદર જિલ્લામાં આવેલું બરડા વન્યજીવ અભયારણ્ય ગીર સંરક્ષિત વિસ્તાર સાથે આવાસસ્થાનો, ભૌગોલિક ક્ષેત્ર અને ભૂમિપ્રદેશની દ્રષ્ટિએ ખૂબ જ સમાનતા ધરાવે છે. બરડા અભયારણ્ય સિંહ જનીનપૂલના સંરક્ષણ માટે ખૂબ જ મહત્વનું સ્થળ છે. ઐતિહાસિક રીતે તે સિંહોના નિવાસસ્થાન તરીકે જાણીતું હતું. બરડા અભયારણ્યમાં સિંહોનું જૂથ છેલ્લે ૧૮૭૯માં જોવા મળ્યું હતું. પરંતુ, પછીથી આ વિસ્તારમાં સિંહો લુપ્ત થયા હતા.

સિંહોને તેમના ઐતિહાસિક રહેઠાણોમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યમાં આહારશ્રૃંખલાના પાયાને પુનઃસ્થાપિત કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ચિતલ અને સાબરના સંવર્ધન અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સિંહો માટે જરૂરી શિકાર પ્રજાતિઓ છે. આ સંરક્ષણ પ્રયાસોને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મોટી સફળતા મળી, જ્યારે બરડા વન્યજીવ અભયારણ્યમાં એક નર એશિયાઇ સિંહની હિલચાલ નોંધવામાં આવી. સિંહો એક સદી પછી તેમના ઐતિહાસિક નિવાસસ્થાનમાં પાછા ફર્યા. બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થયા પછી તેને સિંહોના 'સેકન્ડ હોમ' એટલે કે બીજા નિવાસસ્થાન તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે ઉભરી આવ્યું છે. આજે બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૧ નર, ૫ માદા સિંહ અને ૧૧ બાળસિંહ છે.




### ગીરમાં ઇકો-ટુરિઝમના વિકાસ થકી વન્યજીવ સંરક્ષણની સાથે લાખો સ્થાનિકોની આવકમાં વધારો થયો છે

#### ગીરમાં ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગીરના સિંહોના વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા 'ખૂશ્બૂ ગુજરાત કી' કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઇને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષિત કર્યા. ભારતભરના પ્રવાસીઓની સાથે અન્ય દેશોના પ્રવાસીઓને પણ આમંત્રિત કરીને ગીરના સંરક્ષિત ક્ષેત્રની વિઝિબિલિટીમાં વધારો કરવામાં આવ્યો, જેનાથી ગીર વૈશ્વિક પ્રવાસન નકશા પર આવી ગયું.

ગીરમાં ઈકો-ટુરિઝમના વિકાસે વન્યજીવ સંરક્ષણમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ હજારો સ્થાનિક રહેવાસીઓની આવકમાં પણ હકારાત્મક પરિવર્તન આણ્યું છે, જેનાથી આ વિસ્તારના ટકાઉ વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩,૧૫,૬૩૭ પ્રવાસીઓએ ગીર સંરક્ષિત વિસ્તારની મુલાકાત લીધી છે.

# હેલ્થી લાઇફસ્ટાઇલથી ખતરો નહીંવત

હાર્ટ એટેક : મોત રોકી શકાય યુએસ સેન્ટર ફોર ડિસીસ કંટ્રોલ એન્ડ પ્રવેન્સન દ્વારા કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે હાર્ટ એટેક અને સ્ટ્રોકના કારણે થઇ રહેલા ચાર મોત પૈકીના એક મોતને હેલ્થી લાઇફ સ્ટાઇલ બનાવીને રોકી શકાય છે. સાથે સાથે જો લોકો લાઇફ સ્ટાઇલની હેલ્થી બનાવે તો 'અન્ય ઘણી બિમારીઓ પણ રોકી શકાય છે. ધૂમ્રપાનને રોકીને, વધારે શારીરિક પ્રવૃતિ હાથ ધરીને તથા ભોજનમાં મીઠાનું ઓછુ પ્રમાણ જાળવીને સ્ટ્રોક અને હાર્ટનારોગને રોકી શકાય છે. સ્વસ્થ્ય જીવન પ્રણાલીને જાળવવા માટે કોમ્યુનિટી ફેરફાર પણ જરૂરી બની ગયા છે જેમાં યોગ્ય જગ્યાએ કસરત અને ધૂમ્રપાન મુક્ત વાતાવરણ ખૂબ જરૂરી છે. હાઈબ્લડપ્રેશર અને ઊંચા કોલેસ્ટ્રેરોલ અને ડાયાબિટીસને રોકીને પણ બિમારીઓને ટાળી શકાય છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે રોકી શકાય તેવા હાર્ટ એટેક અને સ્ટ્રોકના કારણએ ૬૦ ટકા લોકોના મોત ૬૫ વર્ષથી નીચેના લોકોમાં થાય છે. પુરુષોમાં આ સંભાવના મહિલાઓની સરખામણીમાં બે ગણી વધુ છે પરંતુ આને રોકી શકાય છે. સીડીસી દ્વારા કેટલીક ભલામણો આ સંદર્ભમાં કરવામાં આવી છે. સીડીસી દ્વારા કેટલીક ભલામણો આ સંદર્ભમાં કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યુંછે કે જો જરૂર હોય તો એસ્પીરીંગ થેરાપી, બ્લડપ્રેશર કંટ્રોલ, કોરેસ્ટેરોલની જાળવણી જેવા મુદ્દા પર તબીબ સાથે વાત કરવી જોઇએ. ધૂમ્રપાન છોડવા માટે નિષ્ણાંતની મદદ લેવી જોઇએ. જો કોઇ વ્યક્તિ ધૂમ્રપાન કરતી નથી તો તેની શરૂઆત કરવાની જરૂર નથી. ઓછામાં ઓછા ૧૦ મિનિટ સુધી વોકિંગ પણ કરવાની જરૂર છે.



**સીડીસી દ્વારા કેટલીક ભલામણો આ સંદર્ભમાં કરવામાં આવી છે. સીડીસી દ્વારા કેટલીક ભલામણો આ સંદર્ભમાં કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે જો જરૂર હોય તો એસ્પીરીંગ થેરાપી, બ્લડપ્રેશર કંટ્રોલ, કોરેસ્ટેરોલની જાળવણી જેવા મુદ્દા પર તબીબ સાથે વાત કરવી જોઇએ.**

## અક્ષર બ્રહ્મ

આ જગતનો કોઈ અક્ષર એવો નથી, કે જે મંત્ર ના હોય. મંત્રમાં જે તાકાત છે, શક્તિ છે, તે જગતના દરેક અક્ષરમાં રહેલી છે. ભગવાને આપણને બોલવાની શક્તિ આપી છે. પોતાની વાત રાખવાની તાકાત આપી છે. ત્યારે આપણી પણ કેટલીક જવાબદારીઓ બને છે, કે મોઢામાંથી નીકળતા શબ્દો એ બ્રહ્મસ્વરૂપ બની રહે. આપણા બોલાયેલા એક એક અક્ષરો ગજબના વાઈબ્રેશન ધરાવે છે. જે હવે વૈજ્ઞાનિક રીતે પુરવાર થઈ ચૂક્યું છે. તો પછી અપશબ્દ અને નકારાત્મક વાક્યોને સ્થાન શા માટે આપવું ? કારણ કે અક્ષર તો બ્રહ્મ છે તે નથી જાણતું કે શું હકારાત્મક છે કે શું નકારાત્મક છે. તેના વાઈબ્રેશનનો પ્રવાહ તો અવિરત વહ્યા કરે છે. સમગ્ર બ્રહ્માંડમાં આ બોલાયેલા શબ્દો વાસ્તવિકતામાં પરિવર્તિત થવા માટે ભ્રમણ કરે છે.

ઘણીવાર એવું પણ થાય છે કે મોઢામાંથી શબ્દો નીકળ્યા અને એ ઘટના બની. આપણે કહીએ છીએ કે કાગનું બેસવું અને ડાળનું પડવું પરંતુ આ વાત અહીં એટલી જ નથી. આ સમગ્ર વાઈબ્રેશનોનો, ઊર્જાનો ખેલ છે. જેવા ઈન્ટેન્શન સાથે વાક્ય બોલાયું હશે, બ્રહ્માંડ તેને પૂર્ણ કરવા માટેની તૈયારીઓ કરશે. તો યોગ્ય જ શા માટે ન બોલવું ! આખિલ બ્રહ્માંડ આપણી વાતને સાંભળે છે, અને પ્રતિસાદ આપે છે.

અહી અલાદીનના જીનની વાત યાદ આવે છે. અલાદીન જે કંઈ પણ માંગે છે, જીન તેની દરેક વાતને જો હુકુમ મેરે આકા કહીને પૂરી કરી આપે છે. બસ યુનિવર્સનું પણ કંઈક આવું જ છે. માંગો. યુનિવર્સ આપવા માટે તૈયાર છે. બસ પ્રેમ અને કરુણાનો ભાવ રાખી અને માંગો. અને જુઓ જાદુ યુનિવર્સનો. વાઈબ્રેશનનો, ઉર્જાનો.

-ભાવિની રાઠોડ 'ભાવાગ્નિ'
અમદાવાદ

# રનિંગઃ વહેલી તકે મોતથી બચાવે છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામાં આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૩૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવુંછે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે.

# સફરજન કાપીને બે કલાક પછીય કાળા ન પડે ?



સફરજન ગમે તેવા બેસ્ટ કવોલિટીના હોય, એને એક વખત કાપી નાંખો તો તરત ખાવા પડે. નહીતર બે-પાંચ મિનિટમાં જ એ એવા ચોકલેટી રંગના થઈ જાય કે જોવા જ ન ગમે. વિજ્ઞાન કહે છે કે સફરજન કાપીને બે- પાં ચ મિનિટ શું બે કલાક રાખી મૂકો તોય ડાર્ક ન થાય. શી રીતે ? ચાલી જાતે કરીને જોઈ લઈએ. સારી જાતના બે સફરજન, પાણી મીઠું, ખાંડ, મધ, એપલનો રસ, લીંબુનો રસ, નારંગીનો રસ, લીંબુનુ પાણી એક છરી, કાચની આઠ પ્લેટ, એરટાઈટ ડબો, આઠ વાટકા, સૌ પ્રથમ આઠ વાટકા ટેબલ ઉપર ગોઠવો. એક વાટકામાં પાણી ભરો અને તેમાં એક ચમચી મીઠું નાંખી ઓગાળી લો. બીજા વાટકામાં પાણી ભરો તેમાં એક ચમચી ખાંડ નાંખી ઓગાળી લો. ત્રીજા વાટકામાં પાણી ભરો. એમાં મધ નાંખી હલાવી લો. દરેક વાટકામાં પોણા ભાગનું જ પાણી ભરો. ચોથા વાટકામાં પોણા ભાગનો એપલનો રસભરો પાંચમાં વાટકામાં પાણી ભરો. તેમાં દોઢ ચમચી લીંબુનો રસ નાંખી હલાવી લો. છઠ્ઠા વાટકામાં નારંગીનો રસ પોણા ભાગનો ભરો. સાતમા વાટકામાં લેમોનેડ નામનું લીબુનું કોલ્ડ ડ્રિન્ક ભરો. આઠમા વાટકામાં શુદ્ધ પાણી પોણા ભાગનું ભરો. આઠ પ્લેટ લો એમાં દરેક ઉપર આઠ વાટકામાં ભરેલી વસ્તુઓના નામ લખો. હ વે સફરજન લો છરી વડે એની ચીરી કાપો. કલ નવ ચીરી થાય એ રીતે સફરજન કાપો. એમાં એક દોઢ કે બે સફરજન વપરાઈ જશે. ચીરીમાં વચ્ચેનો ભાગ ન આવવો જોઈએ. હવે એક એક ચીરી તરત એરટાઈટ ડબ્બામાં મૂકીને બંધ કરી દો. બાકીની ચીરીઓમાંથી એક ચીરી લઈને દરેક વાટકામાં એક એક કરીને ડૂબાડો. એક મિનિટ સુધી બધી ચીરીઓ ડૂબાડી રાખ્યા પછી ચીરીઓને એ વાટકાના પ્રવાહીનું નામ ધરાવતી પ્લેટમાં મૂકી દો. એક કલાક સુધી રાહ જુઓ. હવે બધી પ્લેટમાં મૂકેલી સફરજનની ચીરીઓ જોતા જાઓ અને તેની કેવી હાલત છે એ નોટબુકમાં લખતા જાઓ.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા.૨૮ માર્ચ ૨૦૨૫**

# જીએસટી ક્યારે સરળ થશે?

કેટલાય નિયમોમાં સંશોધન-પરિવર્તન બાદ પણ વસ્તુઓ અને સેવાઓ પર કરાધાનની વ્યવસ્થા એટલેકે જીએસટીને સરળ નથી કરી શકાયો. જીએસટી લાગુ થયે આઠ વર્ષ થવા આવ્યા, પરંતુ એક મોટા કારોબારી વર્ગ માટે આ વ્યવસ્થા જટિલ જ રહી છે. જીએસટી લાગુ કરવું એક ક્રાંતિકારી પગલું હતું. તેને લાગુ કરતી વખતે એ માનવામાં આવ્યું હતું કે એનાથી એક તરફ જ્યાં ટેક્સ ચોરી પર લગામ લાગશે, ત્યાં જ કારોબારીઓને લાલફીતાશાહીથી મુક્તિ મળશે. દુર્ભાગ્યે અત્યાર સુધી એવું નથી થઈ શક્યું અને એ કહેવું પણ મુશ્કેલ છે કે નજીકના ભવિષ્યમાં એવું થઈ શકશે. જીએસટીની જટિલતા માત્ર એનાથી ઉજાગર નથી થતી કે એક જેવાં ઉત્પાદનો પર અલગ-અલગ દરો છે, બલ્કે એનાથી પણ થાય છે કે કારોબારીઓને તેમની કેટલીય જોગવાઈઓને સમજવા માટે વિશેષજ્ઞોની સહાયતા લેવી પડે છે. એનાથી તેમના સમય અને નાણાંની તો બરબાદી થાય જ છે, સાથે જ તેમની શાંતિ પણ છીનવાઈ જાય છે. એનાથી તેઓ હતોત્સાહિત થાય છે અને જીએસટીના પચડામાં પડવાથી બચે છે. જો જીએસટી ચોરીના કિસ્સા અટકવાનું નામ નથી લેતા તો તેનું એક કારણ આ વ્યવસ્થાના જટિલ નિયમ પણ છે. જીએસટીના જટિલ રહેવાનું એક મોટું કારણ નોકરશાહીનું વલણ છે, જે ગૂંચવવામાં માહેર છે. તે વિસંગતિઓ દૂર કરવાના નામે એવી રીતો અપનાવે છે, જેનાથી સરળ ચીજો પણ કઠિન થઈ જાય છે.

લાગે છે કે પાછલાં વર્ષોમાં જીએસટીમાંજે સેંકડો સુધારા કરવામાં આવ્યા, તેને અપનાવતી વખતે કારોબારીઓ સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી ન સમજવામાં આવ્યો અને તેમનાં સૂચનોને મહત્ત્વ ન આપવામાં આવ્યું. કરાધાનની કોઈપણ વ્યવસ્થા જ્યારે જટિલ થઈ જાય છે તો લોકો તેના દાયરામાં આવવાથી બચવાનું પસંદ કરે છે. વાયદો એવો કરાયો હતો કે જીએસટી અંતર્ગત કારોબારીઓને માત્ર પોતાના વેચાણનું વિવરણ આપવું પડશે, પરંતુ હવે તેમને કેટલાય પ્રકારની માહિતી આપવી પડે છે અને જો ભ્રમ પેદા કરનારા નિત નવા નિયમોને કારણે સહેજ પણ હેરફેર થઈ જાય તો તે તેમના માટે આફત બની જાય છે. અહીંથી ભ્રષ્ટાચાર માટે ગુંજાશ પેદા થાય છે અને ટેક્સ ચોરીના રસ્તા ખૂલે છે. આખરે તેનો શો મતલબ કે જો કોઈ કારોબારી કોઈ બીજા પાસેથી માલ ખરીદે અને બીજો સમયસર જીએસટી રિટર્નન ભરે તો પહેલાવાળાનું ઈનપુટ ટેક્સ રિટર્ન ફસાઇ જાય? આ તો કરે કોઇ અને ભરે કોઈ જેવો મામલો થયો. સરકાર એનાથી સંતુષ્ટ થઈ શકે કે જીએસટીથી કરની આવક વધી રહી છે, પરંતુ કારોબારીઓ તેનાથી સંતુષ્ટ નથી. તે સિવાય જનતા માટે પણ એ સમજવું મુશ્કેલ છે કે આ વ્યવસ્થાથી તેને શો લાભ મળ્યો? આ પ્રશ્ન પણ અનુત્તરિત છે કે જીએસટી સ્લેબ ક્યારે ઓછો થશે?

**જીએસટીની જટિલતા માત્ર એનાથી ઉજાગર નથી થતી કે એક જેવાં ઉત્પાદનો પર અલગ-અલગ દરો છે, બલ્કે એનાથી પણ થાય છે કે કારોબારીઓને તેમની કેટલીય જોગવાઇઓને સમજવા માટે વિશેષજ્ઞોની સહાયતા લેવી પડે છે.**

# વણજોઈતી દખલ

હવે આ લગભગ વાર્ષિક રિવાજ જેવું બની ગયું છે કે અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા પંચનો રિપોર્ટ આવે છે, જેમાં કેટલાય દેશોમાં ધાર્મિક અસહિષ્ણુતા પર ટિપ્પણીઓ હોય છે. જે દેશો વિરુદ્ધ ટિપ્પણીઓ થાય છે, તેઓ આ રિપોર્ટ પર વિરોધ નોંધાવે છે અને વાત રફેદફે થઈ જાય છે. આ વર્ષે પણ આ રિપોર્ટ આવ્યો છે, જેમાં ભારતમાં અલ્પસંખ્યક સમુદાયો સાથે ભેદભાવ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી! આ વર્ષના રિપોર્ટમાં વળી એક વિશેષ વાત છે કે ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રો)નો પણ ઉલ્લેખ કરાયો છે. એવો આરોપ લગાવાયો છે કે રો અમેરિકા અને કેનેડામાં શીખ કટ્ટરપંથી નેતાઓની હત્યાના ષડયંત્રમાં સામેલ છે, તેથી તેના પર પ્રતિબંધ લગાવવામાં આવે છે. ખબર નહીં કયો નશો કરીને કોણ આવા રિપોર્ટ બનાવતું હશે! ગયા વર્ષે કેનેડામાં શીખ ખાલિસ્તાની આતંકી હરદીપસંહ નિજ્જરની હત્યાનો આરોપ પણ ટ્રુડોની સરકારે ભારત પર લગાવીને બંને દેશોના સંબંધો બગાડ્યા હતા. ત્યારબાદ બીજા ખાલિસ્તાની આતંકી ગુરદીપ પન્નુની હત્યાના કાવતરાનો આરોપ પણ ભારત પર લગાવાયો હતો. જ્યારે આ મુદ્દે પુરાવા માગવામાં આવ્યા તો આ દેશો આમતેમ ડાફોળિયાં મારતા રહ્યા.

અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પંચનો રિપોર્ટ તો દર વર્ષે આવે છે અને એવું લાગતું નથી કે તેને કોઈ ક્યાંય ગણકારતું હોય. ભારત જેવા સંપ્રભુ દેશોએ તો ખાસ આવા ભેજાંગેપ રિપોર્ટને ફગાવી જ દેવા જોઈએ. ધાર્મિક સ્વતંત્રતા કે અન્ય માનવાધિકારો બાબતે ખુદ અમેરિકાનો જ ઈતિહાસ એટલો ખરડાયેલો છે કે તે શાણું થઈને બીજા દેશોને સલાહ પણ ન આપી શકે. અમેરિકન સત્તાનું વલણ બહુ જ પક્ષપાતી અને પાખંડી રહ્યું છે. અમેરિકાને દુનિયાની નૈતિકતાનું ચોકીદાર બનવું હોય તો સૌથી પહેલાં તો તેણે પોતાનું આચરણ સુધારવું જોઈએ. વળી અમેરિકી પ્રશાસને દુનિયાની અત્યંત કટ્ટર મજહબી દેશો તરફે કાં તો આંખ આડા કાન કર્યા અથવા તેમનું ભરપૂર સમર્થન કર્યું, કારણ કે એવા દેશો તેમના રાજકીય સ્વાર્થ માટે અનુકૂળ હતા. ચાહે ઝિયા ઉલ હકનું કટ્ટરવાદી શાસન હોય કે મધ્યપૂર્વ કે લેટિન અમેરિકાની અનુદાર વ્યવસ્થાઓ, અમેરિકી પ્રશાસને એ બધાની મદદ કરી. ધાર્મિક સહિષ્ણુતાનું હથિયાર માત્ર એ દેશોની સરકારો પર દબાણ કરવા માટે ઉપયોગ કર્યો, જે અમેરિકી આંતરરાષ્ટ્રીય હિતોને અનુકૂળ ન હતી. અહીં તો રો પર પણ આરોપ લગાવ્યો છે. અમેરિકી પંચ રો પર જે આરોપ લગાવી રહ્યું છે તેના કરતાં હજાર ગણા વધારે ગંભીર આરોપ અમેરિકી ગુપ્તચર એજન્સીઓ અને અમેરિકી મિત્રોના એવા સંગઠનો પર દાયકાઓથી લાગતા આવ્યા છે. ગંભીર વાત તો એ છે કે ભારતમાં અલગતાવાદી આંદોલન ચલાવનારા અને હિંસા કરાવનારા કટ્ટરપંથી આતંકીઓને અમેરકા અને કેનેડામાં શરણ કેમ મળેલું છે? આ આતંકીઓ હંમેશાં એવા કાર્યક્રમ કરે છે જે ભારત માટે અપમાનજનક હોય છે. ભારત જેવા ગણરાજ્ય અને સંપ્રભુ દેશને લોકતાંત્રિક વ્યવસ્થાને બહેતર બનાવવા માટે બહારની મદદની જરૂર નથી. આવા રિપોર્ટોને કોઠું આપવાની જરૂર નથી. આપણી આસપડોશના દેશોને જોઈએ તો ભારતમાં અલ્પસંખ્યકોની સૌથી સારી સ્થિતિ છે.

**અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પંચનો રિપોર્ટ તો દર વર્ષે આવે છે અને એવું લાગતું નથી કે તેને કોઈ ક્યાંય ગણકારતું હોય.**

**પાકિસ્તાનમાં અલગતાવાદ માત્ર બલૂચિસ્તાન સુધી સીમિત ન રહીને સિંધ અને પશ્તૂન ક્ષેત્ર સુધી ફેલાયેલું છે.**

# ભાગલાના આરે ઊભેલું પાકિસ્તાન

થોડા દિવસો પહેલાં પાકિસ્તાની સેનાને નિશાનો બનાવતાં બલૂચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ)ના અલગ-અલગ હુમલામાં પાકિસ્તાની સૈનિકો સહિત કેટલાય લોકો માર્યા ગયા. હાલત એટલી બગડી ગઈ કે ફોજ અને રાજકીય પક્ષોએ તાબડતોબ બેઠકો બોલાવવી પડી. પાકિસ્તાનના હાલના ઘટનાક્રમે કેટલાય વણકહ્યાં અને કડવાં સત્ય ઉજાગર કરી દીધાં. પહેલું, એ કે પાકિસ્તાન કોઈ રાષ્ટ્ર નથી, પરંતુ ઉપનિવેશિક શક્તિઓ દ્વારા પોતાના સ્વાર્થ ખાતર બનાવેલી એક કૃત્રિમ એકમ છે. બીજું, વિશ્વના જે નક્શા પર પાકિસ્તાન છે, ત્યાંના મોટાભાગના લોકો ઈસ્લામના નામે ના તો દેશનું વિભાજન ઈચ્છતા હતા કે ના પાકિસ્તાનની અવધારણાનું સમર્થન કરતા હતા. કેટલાય આજે પણ તેના વિરોધી છે.

સમાચારોમાં ચમકેલા બલૂચિસ્તાનની વાત કરીએ તો તેમનો હજારો વર્ષ જૂનો ઈતિહાસ છે. સાતમી સદીમાં ઈસ્લામિક આક્રમણખોરોના ભારત પર હુમલા બાદ અહીં ઈસ્લામનો પ્રભાવ વધ્યો. હિંદુઓની મુખ્ય શક્તિપીઠમાંથી એક હિંગળાજ માતા મંદિર આજે પણ અહીં જોવા મળે છે. બ્રિટિશ હકૂમત સમયે બલૂચિસ્તાન પર કલાત રિયાસતનું શાસન હતું. ૧૮૭૬માં બંને વચ્ચે સંધિ થઈ અને તે શરતો સાથે બ્રિટિશ અધીન રાજ્ય બની ગયું. ૧૯૪૭માં વિભાજન બાદ કલાતે સ્વતંત્ર રહેવાનો અધિકાર પસંદ કર્યો, પરંતુ ૧૯૪૮માં ઝીણાના આદેશ પર પાકિસ્તાની સેનાએ તેને બળપૂર્વક આંચકી લીધું. ત્યારથી આ બલૂચ રાષ્ટ્રવાદીઓ માટે 'રાષ્ટ્રીયતા અને આત્મનિર્ણયના સંઘર્ષ'નો પ્રતીક બની ગયું છે.

પાકિસ્તાનમાં અલગતાવાદ માત્ર બલૂચિસ્તાન સુધી સીમિત ન રહીને સિંધ અને પશ્તૂન ક્ષેત્ર સુધી ફેલાયેલું છે. બલૂચિસ્તાન ઉપરાંત સિંધ, પંજાબ અને ખૈબર પખ્તૂનખ્વામાં પણ વિભાજન પહેલાં ઈસ્લામના નામે અલગ દેશનો વિરોધ હતો. સિંધ ઈત્તેહાદ પાર્ટીના ટોચના નેતા અલ્લાબખ્શ મુહંમદ ઉમર સુમરો અવિભાજિત ભારતમાં સિંધના બે વખત વડાપ્રધાન રહ્યા. તેમણે મજહબના આધાર પર અલગ દેશ બનાવવાની અવધારણાને ઈસ્લામ વિરોધી ગણાવી હતી. ૧૯૪૩માં અલ્લાબખ્શની હત્યા કરી દેવાઈ, જેમાં મુસ્લિમ લીગનો હાથ હોવાની શંકા વ્યક્ત કરાઈ હતી. ૧૯૪૫ સુધી અવિભાજિત પંજાબમાં પણ પાકિસ્તાન માટે કોઈ રાજકીય સમર્થન ન હતું. ૧૯૩૭ના પ્રાંતીય ચૂંટણીમાં પંજાબના લોકો ઘોર મજહબી મુસ્લિમ લીગને બદલે 'સેક્યુલર' યુનિયનિસ્ટ પાર્ટીને પસંદ કરી. આ પક્ષે સિકંદર હયાત ખાનના નેતૃત્વમાં અકાલી દળ અને કોંગ્રેસ સાથે મળીને પંજાબમાં સરકાર બનાવી. સિકંદરે ૧૯૪૦ના 'પાકિસ્તાન પ્રસ્તાવ'નો અસ્વીકાર કરી દીધો. તેમના નિધન બાદ વગદાર મલિક ખિજર હયાત તિવાનાએ ૧૯૪૨થી પંજાબ સરકારની કમાન સંભાળી. ઝીણાએ તિવાના પર દબાણ બનાવ્યું પરંતુ તિવાના ઝૂક્યા નહી અને પંજાબમાં હિંદુઓ, શીખો અને મુસલમાનો સાથે મળીને કામ કરવાની જાહેરાત કરી. તેનાથી ખીજાયેલા ઝીણાએ પંજાબમાં મજહબી ઉન્માદ ભડકાવ્યો. યુનિયનિસ્ટ પાર્ટી વિખેરાઈ ગઈ અને ૧૯૪૬ની ચૂંટણીમાં પંજાબ મુસ્લિમ લીગની ઝોળીમાં જઈ પડ્યું. રાજકારણથી સંન્યાસ લઈને જ્યારે તિવાના ઓક્ટોબર ૧૯૪૯માં નવરચિત પાકિસ્તાનના પંજાબ પહોંચ્યા, ત્યારે ત્યાંની ઈસ્લામી સરકારે ખુન્નસ કાઢતાં તેમની અપાર સંપત્તિ જપ્ત કરી લીધી. મજહબી ઉત્પીડનથી બચવા માટે તેઓ અમેરિકા જઈને વસી ગયા અને ૧૯૭૫માં ત્યાં જ અંતિમ શ્વાસ લીધા.

ખૈબર પખ્તૂનખ્વામાં પણ પાકિસ્તાન માટે સમર્થન ન હતું. ૧૯૪૬ની પ્રાંતીય ચૂંટણીઓમાં મુસ્લિમ લીગને વ્યાપક સમર્થન નહોતું મળ્યું. અબ્દુલ ગફ્ફાર ખાનની કર્મભૂમિએ વિભાજનનો આકરો વિરોધ કર્યો હતો. આ પ્રકારે જ્યારે પૂર્વ પાકિસ્તાનાં બાંગ્લા ઓળખને પાકિસ્તાની સત્તા-અધિષ્ઠાન વારંવાર કચડતું રહ્યું, ત્યારે શેખ મુજીબના નેતૃત્વમાં ઉઠેલ વિદ્રોહની આગે ૧૯૭૧માં બાંગ્લાદેશને જન્મ આપ્યો. આ જ સ્થિતિ બલૂચિસ્તાનમાં જોવા મળી રહી છે.આ દરમ્યાન એ પહેલી વાર નથી કે વૈશ્વિક ઈસ્લામી સત્તાઓની એક્તા પર પ્રશ્નાર્થ લાગ્યો હોય. જો આ એક્તા વ્યાવહારિક હોય તો સઉદી-ઈરાન, તુર્કી-સીરિયા અને પાકિસ્તાન-અફઘાનિસ્તાનમાં શત્રુભાવનું કારણ શું છે? અહમદિયા મુસ્લિમોની પાકિસ્તાન નિર્માણમાં બહુઆયામી ભૂમિકા હતી. ૧૯૪૦માં પાકિસ્તાનના મજહબી વિચારને અહમદિયા મુસ્લિમ મુહંમદ ઝફરુલ્લાએ જ લેખબદ્ધ કરી હતી. તે પાકિસ્તાનના પહેલા વિદેશ મંત્રી બન્યા અને સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીરના મુદ્દે

ભારત વિરુદ્ધ વકીલાત પણ કરતા હતા. જ્યારે ઓક્ટોબર ૧૯૪માં પાકિસ્તાને કાશ્મીર પર હુમલો કર્યો, ત્યારે અહમદિયા મુસ્લિમોના ખલીફા મિર્ઝા બશીર-ઉદ-દીન મહમૂદ અહમદે ભારતીય સેના વિરુદ્ધ 'ફુરકાન ફોર્સ' જેવું સૈન્ય બળ બનાવ્યું. વિચારો, મજહબના નામે જે દેશ માટે અહમદિયા મુસલમાન લડ્યા, એ જ પાકિસ્તાનમાં તેમને મજહબી કારણોસર ૧૯૭૪માં બિનમુસ્લિમ જાહેર કરી દેવાયા. ત્યારથી જ તેઓ અન્ય 'કાફિરો'ની માફક મજહબી સતામણીના શિકાર છે.

પાકિસ્તાન કોઈ રાષ્ટ્ર નથી, પરંતુ એક એવી વિષાક્ત વૈચારિક પરિયોજના છે, જેનો પાયો માત્ર ભારત-હિંદુ વિરોધી ઘૃણા પર કેન્દ્રિત છે. ૧૨ માર્ચે જ પાકિસ્તાની પંજાબના શિક્ષણ વિભાગે 'અનૈતિક-અશ્લીલતા'ના નામે સ્કૂલ-કોલેજોમાં હિંદી ગીતો પર પ્રતિબંધ મૂકી દીધો. તો પછી પશ્ચિમી નાચ-ગાન પર પ્રતિબંધ કેમ ન લાગ્યો? આ પાકિસ્તાનની પહેલી વિટંબણા નથી. પાકિસ્તાન પોતાની મૌલિક ઓળખને ભારતીય સાંસ્કૃતિક મૂળિયાંથી કાપીને ખાડી દેશોની અરબ સંસ્કૃતિમાં સમાહિત કરવાનો અસફળ પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનમાં ૪૦ ટકાથી વધારે લોકો પંજાબી ભાષી અને ઉર્દૂ-અંગ્રેજી રાજભાષા હોવા છતાં પણ વિદેશી ફારસી લિપિમાં કૌમી તરાના (રાષ્ટ્રગાન) હોવું તેનું જ પ્રમાણ છે. આ જ વિરોધાભાસોને કારણે પાકિસ્તાન ઘેરા સામાજિક, ભૌગોલિક અને આર્થિક સંકટમાં છે, જેતેને લાંબા સમય સુધી એક એકમ તરીકે એકજુટ નહી રહેવા દે.

**વિશ્લેષકોની વાત સાચી છે કેમ કે ટ્રમ્પની જાહેરાતે ગભરાટ ફેલાવી જ દીધો છે**

# ઓટો સેક્ટર પર ટેરિફ, ટ્રમ્પ સેલ્ફ ડિસ્ટ્રક્ટિવ મોડમાં

**મોટી કંપનીઓને એ જ સસ્તું પડે કેમ કે કાર માટેની નાની નાની ચીજો બનાવવા એ લોકો કંઈ પ્લાન્ટ ના નાંખે**

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશોના અમેરિકામાં જતા માલ પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને ૨ એપ્રિલની તારીખ પણ નક્કી કરી નાંખી છે. ૨ એપ્રિલ આડે હવે આંગળીના વેઢે ગણાય એટલા દિવસો બાકી રહ્યા છે. ભારત સરકાર ટ્રમ્પને ટેરિફ નહી લાદવા વિનવી રહી છે અને મંત્રણાઓ પર મંત્રણા કરી રહી છે ત્યારે ટ્રમ્પે ફરી એક વાર ટેરિફની ચાબુક ચલાવી દીધી છે. ટ્રમ્પે ટેરિફના નવા વારમાં અમેરિકામાં આવતા ઓટો સેક્ટરના માલ પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ડોનલ્ડ ટ્રમ્પે કરેલી જાહેરાત હેઠળ અમેરિકામાં આવતી કાર અને કારના પાટ્‌ર્સ બંને પર ૨૫ ટકા ટેરિફ લાગશે.

ઓવલ ઓફિસમાં એક કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, યુએસમાં ઈમ્પોર્ટ કરવામાં આવતી તમામ વિદેશી કાર પર હવે ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવશે અને આ કામચલાઉ નિર્ણય નથી, પરંતુ કાયમી નિર્ણય છે. ટ્રમ્પે એલાન કર્યું છે કે, ઓટો સેક્ટર પરના નવા ટેરિફ ૨ એપ્રિલથી અમલમાં આવશે. તેમાં સૌથી પહેલાં કાર પર ટેરિફ લાગશે. વાહનોની આયાત કરતા વ્યવસાયો પર ૩ એપ્રિલથી લાગશે જ્યારે ઓટો પાટ્‌ર્સ પર મે મહિનામાં અથવા તેના પછી ટેરિફ લાગશે. ટ્રમ્પનો દાવો છે કે, ઓટો સેક્ટરની આયાત પર ૨૫ ટકા ટેરિફના આ પગલાંથી કાર ઉદ્યોગ જબરદસ્ત વિકાસ કરશે અને તેનાથી અમેરિકામાં નોકરીઓ અને રોકાણને વેગ મળશે.

ટ્રમ્પના કહેવા પ્રમાણે, આ નિર્ણયથી અમેરિકામાં નવી ફેક્ટરીઓ ખુલશે. કેનેડા અને મેક્સિકોમાં બનતા વિવિધ ઓટો પાટ્‌ર્સ અને તૈયાર વાહનો હવે યુએસમાં જ બનશે તેથી અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરને વેગ મળશે. વ્હાઈટ હાઉસને અપેક્ષા છે કે, આ નિર્ણયથી આવકમાં વાર્ષિક ૧૦૦ અબજ ડોલરનો વધારો થશે. અમેરિકાએ ગયા વર્ષે લગભગ ૮૦ લાખ કારની આયાત કરી હતી. તેના આધારે ટ્રમ્પની ઓફિસ આ ગણતરી કરી રહી છે.વિશ્લેષકોના મતે, ટ્રમ્પની વાતો શેખચલ્લી જેવી છે અને તેનાથી અમેરિકાને ફાયદો નથી થવાનો પણ ભારે નુકસાન થશે. આ પગલાંથી અમેરિકામાં કાર ઉત્પાદન કામચલાઉ રીતે બંધ થશ કેમ કે વિદેશથી મંગાવાતા ઓટો પાટ્‌ર્સ મોંઘા થશે. અમેરિકન કાર કંપનીઓ મોટા ભાગના ઓટો પાટ્‌ર્સ અન્ય દેશોમાંથી આયાત કરે છે. કારની કિમતોમાં વધારો થશે કેમ કે ટેરિફના કારણે ઓટો પાટ્‌ર્સ મોંઘા પડશે. આ ટેરિફથી વાહન ઉત્પાદકોના ખર્ચમાં વધારો થશે તેથી વેચાણમાં ઘટાડો થઈ શકે છે. આ સિવાય સાથી દેશો સાથેના સંબંધોમાં તણાવ આવશે.

વિશ્લેષકોની વાત સાચી છે કેમ કે ટ્રમ્પની જાહેરાતે ગભરાટ ફેલાવી જ દીધો છે. બિઝનેસ જગતમાં ફેલાતા ગભરાટનું પ્રતિબિંબ સૌથી પહેલાં શૅરબજાર પર પડે છે તેથી દુનિયાભરનાં શૅરબજારોમાં ઓટો કંપનીઓના શેરોમાં કડાકો બોલી ગયો છે. ભારતમાં ટોચની કંપની ટાટા મોટર્સના શેર લગભગ ૬ ટકા ઘટી ગયા કેમ કે ટાટા મોટર્સ અમેરિકામાં મોટા પ્રમાણમાં કાર વેચે છે.

ટાટા મોટર્સની માલિકીની જગુઆર લેન્ડ રોવરની નિકાસમાં ૨૨ ટકા હિસ્સો અમેરિકામાં વેચાતી કારનો હોવાથી ટ્રમ્પના ૨૫ ટકા ટેરિફની સીધી અસર ટાટા મોટર્સને થશે. ટાટા મોટર્સે ૨૦૨૪માં વિશ્વભરમાં ૪ લાખ કારનું વેચાણ કર્યું હતું અને તેમાં ૨૨ ટકા એટલે કે લગભગ ૮૮ હજાર કાર અમેરિકામાં વેચાઈ હતી. કંપની લેન્ડ રોવરની કારનું મેન્યુફેક્ચરિંગ મુખ્યત્વે બ્રિટનમાં કરે છે પણ હેડક્વાર્ટર ભારતમાં છે તેથી ભારતમાં તેની અસર થાય એ સ્વાભાવિક છે. ભારતની મહિન્દ્રા, આઈશર સહિતની અમેરિકામાં આયાત કરાતી કારોના શેર પણ તૂટ્યા છે.

બીજા દેશોમાં પણ કાર કંપનીના શેરના ભાવોમાં કડાકો બોલી ગયો છે. બીજા દેશોની વાત છોડો પણ અમેરિકામાં પણ ઓટો કંપનીના શેર તૂટી ગયા છે. બુધવારે અમેરિકન ઓટોમોબાઈલ કંપની જનરલ મોટર્સના શેરમાં ૩ ટકાનો ઘટાડો થયો હતો જ્યારે જીપ અને ક્રાઈસ્લરના માલિક સ્ટેલાન્ટિસના શેર પણ લગભગ ૩.૬ ટકા ઘટ્યા હતા. બીજી કંપનીઓના શેરોના ભાવ પણ ઘટ્યા છે કેમ કે ટ્રમ્પના ટેરિફના તુક્કાને કારણે આ કંપનીઓને પણ અસર થશે જ. આ કંપનીઓના પ્લાન્ટ ભલે અમેરિકામાં હોય ને કારનું ઉત્પાદન પણ અમેરિકામાં થતું હશે પણ કાર માટેના ઓટો પાટ્‌ર્સ વિદેશથી જ આવે છે.

મોટી કંપનીઓને એ જ સસ્તું પડે કેમ કે કાર માટેની નાની નાની ચીજો બનાવવા એ લોકો કંઈ પ્લાન્ટ ના નાંખે. એક કારમાં સો-બસો નટ-બોલ્ટ્સ જોઈતા હોય તો એ બહારથી મંગાવવા જ સસ્તા પડે, તેના માટે ફેક્ટરી ના નંખાય. દુનિયાભરમાં કોઈ પણ પ્રોડક્ટ બનાવતી કંપની એ રીતે જ કામ કરતી હોય છે. ટ્રમ્પને પણ આ વાતની ખબર છે એટલે તેમણે પણ ઓટો પાટ્‌ર્સ પર તાત્કાલિક ટેરિફ નથી લાદ્યો પણ તેનાથી મોટો ફરક નહીં પડે. આ તો આજનું મોત કાલ પર ઠેલવાની વાત છે એટલે ગભરાટ તો ફેલાયો જ છે.

અમેરિકાના વરસોના સાથી એવા યુરોપિયન યુનિયનના દેશો અને કેનેડા પણ આ નિર્ણયથી ધૂંઆપૂંઆ છે. કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ તો ટેરિફ લાદવાના ટ્રમ્પના નિર્ણયની ટીકા કરીને કહ્યું છે કે આ અમારા પર સીધો હુમલો છે પણ અમે અમારા કામદારો અને કંપનીઓની સુરક્ષા કરીશું જ. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને પણ અમેરિકાના નિર્ણયને ખરાબ ગણાવીને કહ્યું કે ટેરિફ કોઈ પણ સેક્ટર માટે પણ ખરાબ છે અને ગ્રાહકો માટે પણ ખરાબ છે. ભારતે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી પણ ભારતની લાગણી અલગ નહીં જ હોય કેમ કે ભારતના ઓટો સેક્ટરને પણ મોટી અસર થશે જ.

ટ્રમ્પના નિર્ણયોને જોતા લાગે છે કે, સેલ્ફ ડિસ્ટ્રક્ટિવ મોડમાં આવી ગયા છે અને અમેરિકાને સરભર ના થાય એવું નુકસાન કરીને જ જંપશે. ટ્રમ્પ એકદમ અહંકારી રીતે વર્તી રહ્યા છે અને દુનિયાના બધા દેશોને પોતાની ગરજ હોવાથી પોતાના પગમાં આળોટી જશે એવું માને છે. ટ્રમ્પનો આ બહુ મોટો ભ્રમ છે અને આ ભ્રમ દૂર થાય એ જરૂરી છે. એ માટે ટ્રમ્પની દાદાગીરીનો ભોગ બનેલા દેશોએ એક થવું પડે. અમેરિકાની વસતી ૩૫ કરોડ છે અને અમેરિકા સમૃદ્ધ દેશ છે તેથી બહુ મોટું બજાર છે એ સાચું પણ ટ્રમ્પ દાદાગીરી કર્યા કરે તો તેમને બાજુએ મૂકીને બધા દેશોએ એકબીજા માટે પોતપોતાનાં બજારો ખોલવાં પડે. તેના કારણે આર્થિક રીતે ફટકો પડશે એટલે અમેરિકાની સાન આપોઆપ ઠેકાણે આવશે.

**આ દળ જેને સીઆરપીએફના નામે ઓળખવામાં આવે છે.**

# નક્સલવાદની તૂટતી કમર

**ગામડાંને આત્મનિર્ભર બનાવવાની દિશામાં કેટલાંય પગલાં ભરવામાં આવ્યાં છે. તેનાથી ગ્રામીણોમાં તેમના પ્રત્યે વિશ્વાસ વધ્યો અને તેઓ નક્સલીઓથી દૂર થતા ગયા.**

દેશની સીમાઓની રક્ષામાં જ્યાં આપણા સૈનિકો તત્પર છે, ત્યાં જ દેશમાં ઉગ્રવાદીઓ, નક્સલવાદીઓ જેવી વિધ્વંસક તાકાતોના સામના અને તેનો સફાયો કરવા માટે કેન્દ્રીય સુરક્ષા દળ તથા અન્ય દળોની પૂરતી ચુસ્તતાથી શાંતિ જાળવી રાખવામાં સફળ થયા છે. આ દળ જેને સીઆરપીએફના નામે ઓળખવામાં આવે છે. આ સમયે સીઆરપીએફ દેશમાં માઓવાદી ઉગ્રવાદીઓને સંપૂર્ણ રીતે સફાયો કરવાના પોતાના મિશનમાં લાગેલું છે. છત્તીસગઢ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં તેમનો આતંક ખતમ કરવા અને ત્યાં સામાન્ય જનજીવન બહાલ કરવામાં તેમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. હાલનાં વર્ષોમાં આ દળે વર્ષોથી જામેલા સશસ્ત્ર નક્સલીઓને જબરદસ્ત આઘાત પહોંચાડ્યો છે અને તેના કેટલાય મોટા લીડરોનો ખાત્મો કરી દીધો છે, જેનાથી આ ઉગ્રવાદીઓનું મનોબળ ઘટી ગયું છે.છેલ્લા કેટલાક મહિનામાં તો ડઝનબંધ નક્સલી સીઆરપીએફ સામે અથડામણમાં માર્યા ગયા છે. સેંકડો હથિયાર પકડાઈ ચૂક્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ બજેટ સત્રમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી દેશમાં નક્સલવાદનો સમૂળગો નાશ કરી દેવામાં આવશે. સરકારી લડાઈ તેજ કરવા સિવાય નક્સલ પ્રભાવિત ક્ષેત્રોમાં વિકાસના કામને તેજ કરી દેવામાં આવ્યું અને સંસાધનો ઉપલબ્ધ કરાવાયાં, જેથી ત્યાંના સ્થાનિક લોકો તેમનાથી દૂર થાય.હિંસા વિરુદ્ધ ઝીરો ટોલરન્સની સરકારની નીતિનું અનુસરણ કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ દેશવિરોધી તત્ત્વોથી સખ્તાઈ રાખવાની રણનીતિ પર કામ કર્યું છે. સીઆરપીએફ તથા અન્ય સુરક્ષા દળોના નવા હથિયારોથી સજ્જ કરવા ઉપરાંત તેમને યોગ્ય પ્રશિક્ષણ અપાવીને મદદ કરી. ટેક્નોલોજીનો સહારો લેવામાં આવ્યો અને ડ્રોન વગેરે ઉપરાંત સંચારના તમામ આધુનિક સાધનોને ઉપલબ્ધ કરાવ્યો.અસલમાં નક્સલ પ્રભાવિત ક્ષેત્ર ગાઢ જંગલો તથા દુર્ગમ વિસ્તારોમાં આવેલા છે. ત્યાં સુધી પહોંચવું બહુ મુશ્કેલ છે, પરંતુ હવે એ વિસ્તારોમાં સડકો બની ગઈ છે. લગભગ ૨૦ હજાર કિલોમીટર સડકો બનાવીને સરકારે ત્યાં જવાનોને જ નહી, પણ આદિવાસીઓના આવાગમનને સુગમ બનાવી દીધું છે. સુકમા જેવા ઘનઘોર વિસ્તારમાં હવે અંદર સુધી સડકો છે અને આ કારણે અર્ધસૈનિક દળોનું આવવું-જવું સંભવ થઈ શક્યું છે. તે ઉપરાંત આ વિસ્તારોમાં ૬૮ એવા હેલીપેડ પણ બનાવાયા છે જ્યાં રાત્રે પણ હેલીકોપ્ટર પહોંચી શકે જેથી જવાનોને લાવી-લઈ જઈ શકાય અને રાશન તથા હથિયાર તરત પહોંચાડી શકાય. દળોની શિબિરોની સંખ્યા પણ વધારી દેવાઈ છે જેથી જવાનો એકથી બીજી જગ્યાએ જલ્દી પહોંચી શકે. નક્સલવાદ વિરુદ્ધ સશસ્ત્ર લડાઈમાં ડીઆરજી, એસટીએફ, આઈટીબીપી, બીએસએફ, રાજ્ય પોલીસ અને સીઆરપીએફના જવાનો તથા અધિકારીઓએ દુર્ગમ વિસ્તારોમાં પોતાનું ઓપરેશન ચલાવ્યું અને સેંકડોએ પોતાના જીવની કુરબાની આપી. તેઓ ભૂખ્યા-તરસ્યા દુર્ગમ વિસ્તારોમાં તૈનાત રહે છે.કેન્દ્રએ આ સંગઠનોને મજબૂત કર્યા છે અને તેમને નવી ટેક્નોલોજી તથા હથિયારોથી સજ્જ કર્યા છે. તેનાથી નક્સલીઓ સામે બે-બે હાથ કરવામાં તેમને સફળતા મળી છે અને મોટી સંખ્યામાં નક્સલીઓ માર્યા ગયા છે. નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં બજેટમાં ૩૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેથી સંસાધનોનું સંકટ ન રહે. નક્સલવાદ વધવામાં ગામડાંના વિકાસની ઉપેક્ષા એક મોટું કારણ હતું. દૂર-સુદૂરનાં ગામડાંમાં વિકાસની માત્ર વાતો જ થતી હતી અને ત્યાં કશું જ થતું ન હતું, એટલે નક્સલી નેતાઓ માટે ભોળા આદિવાસીઓને ભરમાવવા આસાન રહેતું હતું. તેમની પાસે આજીવિકાનાં સાધન ન હતું, શિક્ષણ તો બહુ દૂરની વાત હતી. પરંતુ હવે ખેડૂતો તથા અન્યોને પોતાની ઉપજના યોગ્ય ભાવ મળવા લાગ્યા. તેમના બનાવેલા સામાનોનું વેચાણ પણ થવા લાગ્યું અને એનાથી એમની આવક વધી. નવી સ્કૂલો બનાવવામાં આવી એ જૂની સ્કૂલો ફરીથી ચાલુ કરવામાં આવે. કેટલાય વિસ્તારોમાં નક્સલીઓ દ્વારા ઉડાવવામાં આવેલી સ્કૂલોને ફરીથી બનાવી દેવામાં આવી છે. સ્વાસ્થ્ય કેન્દ્રોમાં હવે ડોક્ટર નિયમિત રૂપે આવે છે અને તેમને આધુનિક સુવિધાઓથી સજ્જ કરાયાં છે. ગામડાંને આત્મનિર્ભર બનાવવાની દિશામાં કેટલાંય પગલાં ભરવામાં આવ્યાં છે. તેનાથી ગ્રામીણોમાં તેમના પ્રત્યે વિશ્વાસ વધ્યો અને તેઓ નક્સલીઓથી દૂર થતા ગયા. ઘણા વિસ્તારોમાં વીજળી પહોંચાડાઈ રહી છે, જેથી તેમની જિંદગી આસાન બને અને નક્સલીઓને અંધારાનો ફાયદો ન મળે. સખ્તાઈ અને સુવિધાઓ, આ બંને સાથે સરકારે નક્સલીઓને પાછળ ધકેલવામાં ઘણી સફળતા મેળવી છે.કેન્દ્રીય ગૃહમંત્રાલય અનુસાર છત્તીસગઢમાં ૨૦૨૩માં નવી સરકાર બન્યા બાદ એક જ વર્ષમાં સશસ્ત્ર દળોએ ૩૮૦ નક્સલીઓને અથડામણોમાં ઠાર માર્યા તથા ૧૦૪૫ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું, જ્યારે ૧૧૯૪ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી. આ અથડામણોમાં માત્ર ૨૬ જવાનો શહીદ થયા. આ પકડાયેલા નક્સલીઓના પુનર્વાસ અને તેમને સમાજની મુખ્યધારા સાથે જોડવા માટે રોજગારની પણ વ્યવસ્થા કરી. યોગ્ય વિકાસથી જ તમામ સમસ્યાઓનું સમાધાન મળે છે. તે અંતર્ગત જ તેમને વ્યાવસાયિક પ્રશિક્ષણ માટે ૩૬ મહિના સુધી હજાર રૂપિયા પ્રતિ માસ સહાયતાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેનાથી તેઓ નવી જિંદગી શરૂ કરી શકે. આત્મસમર્પણ કરનારા નક્સલીઓને પણ વિશેષ અનુદાન આપવામાં આવી રહ્યું છે.ગૃહ મંત્રાલય અર્ધસૈનિક દળોના વીર જવાનો માટે કેટલાય પ્રકારની કલ્યાણકારી યોજનાઓ પર પણ કામ કરી રહ્યું છે. તેમનું મનોબળ વધારવા માટે તેમના માટે આયુષ્માન સીએફએફ યોજના લાગુ કરવામાં આવી છે. સીજીએચએસની હોસ્પિટલોમાં તેમની સારવાર તથા મફત દવાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. સરકારે તેમના માટે ૨૦૨૧થી ૨૦૨૬ વચ્ચે ૨૮૫૪૬ ઘરોના નિર્માણનું લ-ય મૂક્યું છે, જેથી તેમના આવાસની સમસ્યા દૂર થાય. અત્યાર સુધી કુલ એક લાખ મકાન તેમને ફાળવી દેવાયાં છે.



# આમિર ખાન યુ ટયૂબર બન્યો, પોતાની યુ ટયૂબ ચેનલ શરુ કરી

મુંબઈ : એક્ટર આમિર ખાન હવે યુ ટયૂબર બની ગયો છે. તેણે 'આમિર ખાન ટોકીઝ' નામની યુ ટયૂબ ચેનલ શરુ કરી છે. તેણે શરુઆતના કેટલાક વીડિયોમાં 'લગાન'નાં નિર્માણ વિશેની વાતો ઉપરાંત 'લાપત્તા લેડીઝ'માં તેના નિષ્ફળ ઓડિશનની વાતો શેર કરી છે.

આ ચેનલના ઈન્ટ્રોડક્શન સ્ટુડિયોમાં આમિરે જણાવ્યું હતું કે ફિલ્મોની નિર્માણ પ્રક્રિયા પાછળ પણ કેટલીક સ્ટોરીઝ હોય છે. આ સ્ટોરીઝ પોતે કોઈ મધ્યસ્થી વિના સીધા જ દર્શકો સાથે શેર કરવા માગે છે. આથી તેણે આ યુ ટયૂબ ચેનલ ચાલુ કરી છે. તે આ ચેનલ દ્વારા પોતાની ફિલ્મ કારકિર્દીની વાતો જુદા જુદા એન્ગલથી રજૂ કરશે.

આ ચેનલ પરથી આમિરની સુપરહિટ ફિલ્મ 'લગાન'નાં ભુજમાં થયેલાં શૂટિંગ વિશેની કેટલીય જાણી અજાણી વાતો શેર કરવામાં આવી છે. આ ફિલ્મમાં સેટ પર જ ડાયલોગ્સનું રેકોર્ડિંગ થયું હતું, આમિરે ક્રાઉડ કન્ટ્રોલ કરવામાં કેવી મહેનત કરી હતી, ચલે ચલો ગીતનાં લિરિક્સમાં જાવેદ અખ્તરે કેવા ફેરફારો સૂચવ્યા હતા, રિના દત્તાએ ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડયૂસર તરીકે કામ કર્યું હતું વગેરે કેટલીય વાતો આ વીડિયોમાં સમાવી લેવાઈ છે. એ જ રીતે આ ચેનલ પરથી આમિરે 'લાપત્તા લેડીઝ' માં ઈન્સ્પેક્ટરના રોલ માટે આપેલાં ઓડિશનનો વીડિયો પણ રીલિઝ કરાયો છે. ઉલ્લેખનીય છે કે બાદમાં આ રોલ રવિ કિશનને ફાળે ગયો હતો અને રવિ કિશનને આ રોલ માટે કેટલાય એવોર્ડ પણ મળ્યા છે.

# સારાને ઓસ્ટ્રેલિયામાં મળી નવી મિત્ર, લોંગ ડ્રાઈવનો વીડિયો વાયરલ થયો



ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર સોશિયલ મીડિયા પર તેની ગ્લેમરસ પોસ્ટ માટે અવારનવાર હેડલાઈન્સમાં રહે છે. સારા તેંડુલકર અને ટીમ ઈન્ડિયાના ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલ વચ્ચેના સંબંધોને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. પરંતુ આ બધાની વચ્ચે સારા તેંડુલકરને હવે નવો પાર્ટનર મળ્યો છે. જેની સાથે તે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. સારા તેંડુલકરની ૪ મહિનામાં આ બીજી ઓસ્ટ્રેલિયા ટૂર છે.

સારા તેંડુલકરના સોશિયલ મીડિયા સાઈટ ઈન્સ્ટાગ્રામ પર ૭.૮ મિલિયન ફોલોઅર્સ છે. તેની કોઈપણ પોસ્ટ આવતા જ તે ખૂબ જ વાયરલ થઈ જાય છે. સારાના શુભમન ગિલ સાથેના સંબંધોને લઈને પણ ઘણી ચર્ચા થઈ રહી છે. તાજેતરમાં સારા તેંડુલકર તેના નવા મિત્ર સાથે ઓસ્ટ્રેલિયામાં ફરતી જોવા મળી હતી. જેની તસવીરો અને વીડિયો સારાએ પોતે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યા છે. સારા ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર મેથ્યુ હેડનની પુત્રી ગ્રેસ હેડન સાથે હેંગઆઉટ કરતી જોવા મળી હતી.

ગ્રેસ એક સ્પોર્ટ્સ એન્કર છે અને તેણે ૨૦૨૩ વર્લ્ડ કપ દરમિયાન ભારતમાં સ્પોર્ટ્સ પ્રસ્તુતકર્તા તરીકે કામ કર્યું હતું. તેની સાથે સારાનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં તે ગ્રેસ સાથે લોંગ ડ્રાઈવ પર ગઈ છે. સારા અને ગ્રેસ પણ ખૂબ એન્જોય કરી રહ્યાં છે. સારા તેંડુલકર સાથે જોવા મળેલી ગ્રેસ પણ ખૂબ જ સુંદર લાગી રહી છે. બંને સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ છે. મેથ્યુ હેડનની પુત્રી ગ્રેસ હેડન એક ન્યૂઝ એન્કર છે. તેણે સારા સાથેની તસવીરો પણ શેર કરી છે. પરંતુ રિપોર્ટ્સ અનુસાર સારાનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પ્રમોશનલ ટૂર છે. આ પહેલા પણ સારાએ ઓસ્ટ્રેલિયા જઈને શૂટિંગ કર્યું હતું. તે અગાઉ ગોલ્ડ કોસ્ટ ગઈ હતી. ટ્રાવેલ એન્ડ ટીઝર નામના કવર પેજ પર સારા તેંડુલકરનો ફોટો પ્રકાશિત કરવામાં આવ્યો છે.

સારા તેંડુલકરે તેના ફિગરને ફ્લોન્ટ કર્યો અને સોશિયલ મીડિયા પર તેની તસવીરો દ્વારા લુક કર્યો. આ જોઈને ઘણા યુઝર્સે તેને બોલીવુડમાં ડેબ્યુ કરવાની સલાહ આપી છે. સારા તેંડુલકર અવારનવાર પોતાના લુક્સને કારણે ચર્ચામાં રહે છે. તે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાની નાની નાની વિગતો શેર કરતી રહે છે.



# શ્રેયસ તલપડે વિરુદ્ધ છેતરપિંડીના ૩ કેસ, પૈસા બમણા કરવાના નામે લાખોની ઠગાઈ કરી

'ગોલમાલ રિટર્ન્સ', 'ગોલમાલ ૩' અને 'ઈમરજન્સી' જેવી ફિલ્મમાં જોવા મળેલા એક્ટર શ્રેયસ તલપડે વિરુદ્ધ ઉત્તર પ્રદેશમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં કરોડોના ચિટ ફંડ કૌભાંડમાં એક્ટરનું નામ સામેલ હોવાના આરોપો છે. ઉપરાંત અન્ય ૧૪ લોકો સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

છદ્મજીના અહેવાલ મુજબ, એક્ટર શ્રેયસ તલપડે લોની અર્બન મલ્ટીસ્ટેટ ક્રેડિટ એન્ડ થ્રિફ્ટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ કંપની સાથે સંકળાયેલા છે. આ કંપની ગ્રામજનો પાસેથી પૈસા લે છે અને બમણું વળતર આપવાના દાવાઓ કરે છે. આ યોજનામાં રોકાણ કરનારાઓને કહેવામાં આવ્યું હતું કે- શ્રેયસ તલપડે પણ કંપની સાથે સંકળાયેલા છે. એવો પણ આરોપ લાગ્યો છે કે પૈસા ડબલ કરવા લાલચ આપી ઘણા ગ્રામજનો પાસેથી લાખો રૂપિયા લેવામાં આવ્યા હતા.ગ્રામજનોનો આરોપ છે કે આ કંપનીની ઓફિસ ૧૦ વર્ષ પહેલા મહોબામાં શરૂ કરવામાં આવી હતી. તે શ્રેયસ તલપડેનો ચહેરો બતાવીને યોજનાનો પ્રચાર કરતા હતા, જેના કારણે લોકો આ યોજના પર સરળતાથી વિશ્વાસ કરી લેતા હતા. સમયાંતરે ગામલોકોએ નાની રકમ જમા કરાવી, જે લાખો સુધી પહોંચી ગઈ. પૈસા જમા કરાવનારાઓમાં મિકેનિક અને મંજૂરીનું કામ કરતા લોકોનો સમાવેશ થાય છે. લોકો આ યોજના પાછળ પોતાની વર્ષોની મહેનત લગાડી દીધી હતી.જ્યારે લોકોએ કંપનીને પૈસા પરત કરવા કહ્યું, ત્યારે કંપનીના એજન્ટોએ અચાનક ઓફિસ બંધ કરી દીધી અને જિલ્લામાંથી ભાગી ગયા. આ કેસમાં, કંપનીના ચેરમેન શ્રેયસ તલપડે સહિત ૧૫ લોકો વિરુદ્ધ મહોબાના શ્રીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. અધિકારીઓએ આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે કંપનીના બધા નંબર બંધ છે.ચિટ ફંડ કેસ પહેલા પણ શ્રેયસ તલપડે પર છેતરપિંડીના આરોપો લાગી ચૂક્યો છે. આ વર્ષની શરૂઆતમાં, શ્રેયસ તલપડે અને આલોક નાથ પર લખનઉના રોકાણકારો સાથે ૯ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ફરિયાદ લખનઉના ગોમતી નગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ ઉપરાંત હરિયાણાના સોનીપતમાં મલ્ટી-લેવલ માર્કેટિંગમાં છેતરપિંડીના કેસમાં આલોક નાથ અને શ્રેયસના નામ પણ સામે આવ્યા છે.

# રણવીર અલ્હાબાદિયા પર તૂટી પડ્યો બીજો પહાડ



સોશિયલ મીડિયા ફેમ રણવીર અલ્હાબાદિયા છેલ્લા કેટલાક દિવસોથી હેડલાઈન્સમાં છે. ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટમાં અશ્લીલ કોમેન્ટ કરીને રણવીર અલ્હાબાદિયા ગંભીર મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. તેની સામે ઘણા કેસ પણ નોંધાયેલા છે. રણવીર પહેલેથી જ આ બધી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો જ્યારે તેના પર બીજો પહાડ તૂટી પડ્યો છે. એવું લાગે છે કે જાણે તેમનો ભાવનાત્મક આધાર પણ તેમનાથી દૂર થઈ ગયો છે. રણવીરની ગર્લફ્રેન્ડ નિક્કી શર્માએ સોશિયલ મીડિયા પર એક રહસ્યમય પોસ્ટ શેર કરી છે. જે બાદ લોકોને લાગે છે કે તેમનું બ્રેકઅપ થઈ ગયું છે.

રણવીર અલ્હાબાદિયા ટીવી એક્ટ્રેસ નિક્કી શર્મા સાથે રિલેશનશિપમાં છે. પરંતુ હવે રિપોર્ટ્સ અનુસાર, રણવીર અને નિક્કીનું બ્રેકઅપ થઈ ગયું છે. જો કે બંનેએ ક્યારેય પોતાના સંબંધોની પુષ્ટિ કરી નથી.

નિક્કીએ સોશિયલ મીડિયા પર એક રહસ્યમય પોસ્ટ શેર કરી છે. જેને રણવીર સાથે જોડવામાં આવી રહી છે. આ પોસ્ટમાં નિક્કી છોકરાઓ વિશે વાત કરતી જોવા મળી રહી છે. તેણે કારમાં બેસીને એક વીડિયો બનાવ્યો છે. જેમાં લખ્યું છે - 'તેની ગર્લ ફ્રેન્ડશિપ એ તેના વિશે નિષ્ફળ વાત કરવાનો સ્ટેજ છે. છોકરીઓ, તમારી આંખો ખુલ્લી રાખો. નિક્કીની આ પોસ્ટ પર લોકો ઘણી કોમેન્ટ કરી રહ્યા છે. આ વીડિયો શેર કરતી વખતે નિકીએ લખ્યું - 'તે છોકરી માત્ર એક મિત્ર છે.'

એક યુઝરે લખ્યું - મેમ, ભાઈ સાથે વાત કર્યા પછી તેણે તેને હવે પોડકાસ્ટ કરવાનું કહ્યું. એકે લખ્યું- ઈશારો કરવામાં આવ્યો છે. અન્ય એક યુઝરે લખ્યું - તો શું આનો અર્થ એ થયો કે તમારા બધા મેલ મિત્રો પણ તમારી અસફળ વાતચીત માટેના પ્લેટફોર્મ છે?

# પ્રભાસના પરણવાની વાતો ખાલી અફવા!



'બાહુબલી' એક્ટર પ્રભાસ અને તેલુગુ એક્ટ્રેસ અનુષ્કા શેટ્ટીની ડેટિંગની અટકળો વચ્ચે અચાનક ન્યૂઝ-૧૮ તેલુગુના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, એક્ટરના પરિવારે હૈદરાબાદ સ્થિતિ એક ઉદ્યોગપતિની દીકરી સાથે તેના લગ્ન નક્કી કરી નાખ્યા છે. વધુમાં ઉમેર્યું કે, પ્રભાસના સ્વર્ગસ્થ કાકા અને એક્ટર- રાજકારણી કૃષ્ણમ રાજુના પત્ની શ્યામલા દેવીએ તેના લગ્નની તૈયારીઓ હાથ ધરી છે.૪૫ વર્ષીય પ્રભાસ હજુ સુધી સિંગલ છે. ફિલ્મો ઉપરાંત તે અવારનવાર કો-એક્ટર અનુષ્કા શેટ્ટી સાથે ડેટિંગની અટકળોને લઈને ચર્ચામાં રહે છે. જોકે, બંને કલાકારો સતત આ દાવાઓને નકારી કાઢે છે. તેવામાં અનુષ્કાના બદલે હૈદરાબાદની યુવતી સાથે લગ્નની વાત બહાર આવતા બંનેના ફેન્સમાં નિરાશા જોવા મળી હતી. સાથે જ હૈદરાબાદના કયા ઉદ્યોગપતિની દીકરી સાથે લગ્ન થવાના છે તે અંગે પણ પ્રશ્નો ઉઠ્યા હતા.તેવામાં હિન્દુસ્તાન ટાઈમ્સે પ્રભાસની ટીમનો સંપર્ક કર્યો ત્યારે, ટીમે હૈદરાબાદ સ્થિત ઉદ્યોગપતિની દીકરી સાથે એક્ટરના લગ્નના સમાચારને નકારી કાઢ્યા અને તેને અફવા ગણાવી. મુંબઈ સ્થિત એક્ટરના પ્રવક્તાએ પણ આ સમાચારને ખોટા ગણાવ્યા છે.અગાઉ 'આદિપુરુષ'ના શૂટિંગ દરમિયાન કૃતિ સેનન સાથે તેના સંબંધો હોવાની અફવાઓ પણ ફેલાઈ હતી. જોકે, તે સમયે એક્ટરે જણાવ્યું હતું કે, તે હજુ સુધી સિંગલ જ છે.દરમિયાન પ્રભાસે તેના ફિલ્મ પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હાલમાં તે 'ધ રાજા સાબ' અને ડિરેક્ટર હનુ રાઘવપુડીની ફિલ્મ 'ફૌજી' પર કામ કરી રહ્યો છે. ઉપરાંત તે સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ', નાગ અશ્વિનની 'કલ્કી-૨' અને પ્રશાંત નીલની 'સલાર-૨: શૌર્યંગા પર્વમ' ફિલ્મ કરી રહ્યો છે.

# 'ભાઈજાન'ની ઘડિયાળ પર વિવાદ



સલમાન ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સિકંદર' ૩૦ માર્ચે ઈદના ખાસ અવસર પર રિલીઝ થઈ રહી છે. હાલ સલમાન ફિલ્મની પ્રમોશનલ ઈવેન્ટમાં વ્યસ્ત છે. તાજેતરમાં તેણે મુંબઈના તાજ લેન્ડ્સ એન્ડ ખાતે એક પ્રેસ મીટ યોજી હતી, આ દરમિયાન તેને રામ મંદિર સ્પેશિયલ એડિશન ઘડિયાળ પહેરેલી હતી.આ તસવીરો સામે આવ્યા પછી ઘણા યુઝર્સ 'ભાઈજાન'ના વખાણ કરી રહ્યા છે તો કેટલાક યુઝર્સ તેના અંદાજને પસંદ કરી રહ્યા નથી. એવામાં સેલ્ફ ડિક્લેર્ડ ક્રિટિક કમાલ રાશિદ ખાને સલમાન અને તેના ફેન્સ પર ભડકાઉ નિવેદન આપ્યું છે.

કમાલ રશીદ ખાને તેના ઓફિશિયલ ઠ પ્લેટફોર્મ પર લખ્યું છે કે- તે બધા મુસ્લિમ ભાઈઓને મુબારક જે ઈદ પર સિકંદર જોઈને સલમાન ખાનને ઈદી આપવા માગે છે. તે રામ જન્મભૂમિ એડિશન ઝાયોનિસ્ટ ઘડિયાળ પહેરી બધા મુસ્લિમોની મજાક ઉડાવી રહ્યો છે. તેના બધા મુસ્લિમ ફેન્સ શરમ વગરનાં છે.

સલમાન ખાને પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે- રામ મંદિર એડિશનની આ ખાસ ઘડિયાળ તેને તેની માતા અને બહેને ગિફ્ટ કરી છે. આ ઘડિયાળમાં રામ મંદિરની સાથે ભગવાન રામ અને હનુમાનજીનો ફોટો પણ છે.

# ઐશ્વર્યાને સૌથી સેક્સી એક્ટ્રેસ માને છે, રિલેશનશિપમાં ટકી શકતો નથી

હાલ અક્ષય ખન્ના ફિલ્મ 'છાવા'ને કારણે સમાચારમાં છે. આ ફિલ્મમાં તેણે ઔરંગઝેબની ભૂમિકા ભજવી હતી. અક્ષયનું આ પાત્ર આજકાલ સમાચારમાં છે કારણ કે આ ફિલ્મ રિલીઝ થયા પછી નાગપુરમાં એક મોટો વિવાદ થયો હતો. અક્ષયે ઔરંગઝેબના પાત્રમાં પ્રાણ ફૂંક્યો હતો.



અક્ષય ખન્નાએ ભલે સુપરસ્ટારનું બિરુદ ન મેળવ્યું હોય, પરંતુ જ્યારે પણ તે પડદા પર આવે છે, ત્યારે તે એક અનોખી છાપ છોડી જાય છે, જેની ખૂબ ચર્ચા થાય છે. ફિલ્મોમાં પોતાની દમદાર એક્ટિંગ ઉપરાંત, અક્ષય ખન્ના પોતાના પર્સનલ જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. અક્ષયનું નામ ઘણી એક્ટ્રેસ સાથે જોડાયું હતું, પરંતુ આજે પણ તે સિંગલ જીવન જીવી રહ્યો છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન, તેણે કહ્યું હતું કે- અત્યાર સુધી તેને એવી છોકરી મળી જ નથી જેની સાથે તે લગ્ન કરી શકે.

અજય દેવગન સાથેના બ્રેકઅપ પછી જ્યારે કરિશ્મા કપૂર મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે તેની મુલાકાત અક્ષય ખન્ના સાથે થઈ. અહેવાલો અનુસાર, અક્ષય ખન્ના અને કરિશ્મા કપૂર વચ્ચે નિકટતા વધવા લાગી અને વાત લગ્ન સુધી પહોંચી ગઈ. વાસ્તવમાં, વિનોદ ખન્નાએ પુત્ર અક્ષય માટે પોતાના મિત્ર રણધીર કપૂરની પુત્રી કરિશ્માની માગણી કરી હતી. પરંતુ કરિશ્માની માતાએ આ સંબંધને નકારી દીધો હતો. તે સમયે કરિશ્માની કારકિર્દી ટોચ પર હતી. બબીતા (કરિશ્માની માતા) ??નહોતી ઈચ્છતી કે તેની પુત્રી કરિશ્મા કપૂર તેના કરિયરના આ તબક્કે લગ્ન કરે, તેથી તેણે આ સંબંધનો ઈનકાર કરી દીધો.

અક્ષય ખન્નાનું નામ ઐશ્વર્યા રાય સાથે પણ જોડાયું હતું. 'આ અબ લૌટ ચલેં' અને 'તાલ' જેવી ફિલ્મોમાં કામ કરતી વખતે અક્ષયને ઐશ્વર્યા સાથે પ્રેમ થઈ ગયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મોના શૂટિંગ દરમિયાન બંને ખૂબ નજીક આવી ગયા હતા. અમેરિકામાં ફિલ્મ 'આ અબ લૌટ ચલેં'નું શૂટિંગ કરતી વખતે, બંનેને એવું લાગવા લાગ્યું કે તેઓ એકબીજાના પ્રેમમાં છે. તે સમયે ઐશ્વર્યા રાય ઈન્ડસ્ટ્રીમાં નવી હતી. તેના અફેરના સમાચારે મીડિયામાં ઘણી હેડલાઈન્સ બનાવી.

એવું કહેવાય છે કે અક્ષય ખન્ના અને ઐશ્વર્યા રાય લગભગ એક વર્ષથી રિલેશનશિપમાં હતા. તે જ સમયે, ઐશ્વર્યા રાયે સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ' સાઈન કરી હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન, ઐશ્વર્યાની સલમાન સાથે નિકટતા વધી ગઈ અને ઐશ્વર્યા અક્ષય ખન્નાના જીવનમાંથી દૂર થઈ ગઈ.

અક્ષય ખન્નાએ એક ઈન્ટરવ્યૂમાં એક વાતનો ઉલ્લેખ કર્યો હતો કે તે જ્યારે પણ ઐશ્વર્યાને મળતો ત્યારે તે તેના પરથી નજર હટાવી શકતો ન હતો. એટલું જ નહી, તેણે એ પણ સ્વીકાર્યું કે જ્યારે પણ ઐશ્વર્યા તેની સામે આવે છે, ત્યારે તે તેની સામે જોવાથી પોતાને રોકી શકતો નહોતો કારણ કે તે ખૂબ જ સુંદર છે.

વર્ષ ૨૦૧૭ માં, અક્ષય ખન્ના તેની ફિલ્મ 'ઈત્તેફાક' ના પ્રમોશન દરમિયાન કરણ જોહરના ટોક શોમાં આવ્યા હતા. આ શો દરમિયાન, જ્યારે કરણ જોહરે અક્ષય ખન્નાને પૂછ્યું કે- ઈન્ડસ્ટ્રીની સૌથી સેક્સી એક્ટ્રેસ કોણ છે? આ પ્રશ્નના જવાબમાં અક્ષય ખન્નાએ ઐશ્વર્યા રાયનું નામ લીધું.

# લખનૌએ હૈદરાબાદને હરાવ્યું, નિકોલસ પૂરનની ધમાકેદાર ઈનિંગ



**મુંબઈ :** લખનૌ સુપર જાયન્ટ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૫ વિકેટે હરાવ્યું છે. IPL ૨૦૨૫ માં લખનૌની આ પહેલી જીત છે. આ મેચમાં SRH ટીમે પહેલા બેટિંગ કરીને ૧૯૦ રન બનાવ્યા, જેના જવાબમાં લખનૌ સુપર જાયન્ટ્સે ૨૩ બોલ બાકી રહેતા મેચ જીતી લીધી. LSGની જીતના સૌથી મોટા હીરો નિકોલસ પૂરન, મિચેલ માર્શ અને શાર્દુલ ઠાકુર હતા. હકીકતમાં, લખનૌની જીતનો પાયો ઠાકુરે નાખ્યો હતો, જેને ૪ વિકેટ લઈને હૈદરાબાદની બેટિંગ લાઈન-અપની કમર તોડી નાખી હતી.

આ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. ટોસ જીતીને લખનૌનો પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય સાચો સાબિત થયો. પહેલા તેને SRH ને ૧૯૦ રનના સ્કોર સુધી મર્યાદિત રાખ્યું અને પછી નિકોલસ પૂરન અને મિચેલ માર્શની તોફાની ઈનિંગ્સને કારણે હૈદરાબાદને ૫ વિકેટથી હરાવ્યું. પૂરને ૨૬ બોલમાં ૭૦ રન બનાવ્યા, જે દરમિયાન તેને ૬ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા.

તેના સિવાય મિચેલ માર્શના બેટે પણ સારું પ્રદર્શન કર્યું, જેને ૩૧ બોલમાં ૫૨ રન બનાવ્યા. આ મિચેલ માર્શની IPL ૨૦૨૫માં સતત બીજી અડધી સદી છે. કેપ્ટન પંત માત્ર ૧૫ રન બનાવીને આઉટ થયો. ડેવિડ મિલર ૧૩ બનાવીને અણનમ રહ્યા અને અબ્દુલ સમદ ૮ બોલમાં ૨૨ રન બનાવીને અણનમ રહ્યો અને ટીમને વિજય તરફ દોરી ગયો.ટોસ હાર્યા બાદ પહેલા બેટિંગ કરવા આવેલા સનરાઈઝર્સ હૈદરાબાદની શરૂઆત સારી રહી ન હતી. અભિષેક શર્મા અને ઈશાન કિશનને શાર્દુલ ઠાકુરે સતત બે બોલ પર પેવેલિયન મોકલ્યા હતા. આ પછી, નીતિશ રેડ્ડી અને હેડે સાથે મળીને ટીમની ઈનિંગ્સની જવાબદારી સંભાળી અને અડધી સદીની પાર્ટનર કરી.પ્રિન્સ યાદવે હેડને ક્લીન બોલ્ડ કરીને પેવેલિયન મોકલી દીધો. આ દરમિયાન, રવિ બિશ્નોઈએ નીતિશનો દાવ ખતમ કરી દીધો. હેનરિક ક્લાસેન ૧૭ બોલમાં ૨૬ રન ફટકાર્યા પરંતુ તે કમનસીબ રહ્યો અને રન આઉટ થઈને પેવેલિયન પાછો ફર્યો. અંતિમ ઓવરોમાં, અનિકેત વર્માએ શાનદાર બેટિંગ કરી અને ૧૩ બોલમાં ૩૬ રન બનાવ્યા, જેના કારણે SRH ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને સ્કોરબોર્ડ પર ૧૯૦ રન બનાવવામાં સફળ રહ્યું. બોલિંગમાં શાર્દુલ ઠાકુરે ધૂમ મચાવી અને ૩૪ રન આપીને ચાર વિકેટ લીધી.

## IPL ઓક્શનમાં નહી વેચાયેલા શાર્દુલે દેખાડ્યું, કૌવતરિપ્લેસમેન્ટ ખેલાડી શાર્દુલ બન્યો પ્લેયર ઓફ ધ મેચ




લખનૌ સુપરજાયન્ટ્સે IPL-૨૦૨૫માં પોતાની પહેલી જીત નોંધાવી. ટીમે સનરાઇઝર્સ હૈદરાબાદને ૫ વિકેટે હરાવ્યું. રાજીવ ગાંધી સ્ટેડિયમની બેટિંગ પીચ પર ન્જીય્તરફથી શાર્દુલ ઠાકુરે ૪ વિકેટ લીધી. જ્યારે નિકોલસ પૂરને ૨૬ બોલમાં ૭૦ રન બનાવ્યા.

ગુરુવારે હૈદરાબાદમાં ન્જીય્એ બોલિંગ કરવાનું પસંદ કર્યું. SRH એ ૯ વિકેટ ગુમાવ્યા બાદ ૧૯૦ રન બનાવ્યા. ટ્રેવિસ હેડે ૪૭ અને અનિકેત વર્માએ ૩૬ રન બનાવ્યા. લખનૌએ ૧૬.૧ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું. મિશેલ માર્શે ૫૨ રન બનાવ્યા. હૈદરાબાદ તરફથી પેટ કમિન્સે ૨ વિકેટ લીધી.

બેટિંગ પીચ પર નવા બોલ સાથે બોલિંગ કરવા આવેલા શાર્દુલ ઠાકુરે પાવરપ્લેમાં ૨ વિકેટ લીધી. તેણે ડેથ ઓવરોમાં રન આપ્યા નહી અને હૈદરાબાદના બેટ્સમેન પર દબાણ બનાવ્યું. તેણે ફક્ત ૩૪ રન આપ્યા અને ૪ વિકેટ લીધી. અભિષેક શર્મા, ઈશાન કિશન, અભિનવ મનોહર અને મોહમ્મદ શમી તેના બોલ પર આઉટ થયા.

હું મારી યોજના સાથે બોલિંગ કરી રહ્યો હતો. જો હું IPLમાં રિપ્લેસમેન્ટ ન બન્યો હોત, તો હું ઈંગ્લેન્ડ ગયો હોત અને કાઉન્ટી ક્રિકેટ રમ્યો હોત. રણજી રમતી વખતે ઝહીર ખાને મને ફોન કર્યો અને કહ્યું કે અમે તમને રિપ્લેસમેન્ટ તરીકે લઈ શકીએ છીએ. તે જ દિવસથી મેં IPLની તૈયારી શરૂ કરી દીધી. જ્યારે મને હરાજીમાં પસંદ કરવામાં ન આવ્યો ત્યારે મને દુઃખ થયું, પણ ક્રિકેટમાં આ બધું બનતું રહે છે.

પ્રિન્સ યાદવઃ બેટિંગ પીચ પર, લખનૌના ઝડપી બોલર પ્રિન્સે ૪ ઓવરમાં ફક્ત ૨૯ રન આપ્યા. બંને ટીમોના બોલરોમાં તેની ઈકોનોમી શ્રેષ્ઠ હતી. પ્રિન્સે ટ્રેવિસ હેડની મોટી વિકેટ પણ લીધી.

મિશેલ માર્શઃ ઓપનિંગ કરવા આવેલા માર્શે ઝડપી બેટિંગ કરી. તે ૩૧ બોલમાં ૫૨ રન બનાવીને આઉટ થયો હતો. તેણે પૂરણ સાથે સદીની ભાગીદારી પણ કરી.

નિકોલસ પૂરનઃ નંબર-૩ પર બેટિંગ કરતા પૂરને ૨૬ બોલમાં ૭૦ રન બનાવ્યા અને મેચ સંપૂર્ણપણે લખનૌના ખભા પર મૂકી દીધી. તેણે માર્શ સાથે ૧૧૬ રનની મહત્વપૂર્ણ ભાગીદારી પણ કરી.સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે બેટિંગ પીચ પર ૨ વિકેટ લીધી. તેમણે જ ખતરનાક નિકોલસ પૂરનને ન્મ્ઉ આઉટ કર્યો હતો. પછી તેણે મિશેલ માર્શ, જેણે ફિફ્ટી ફટકારી હતી, તેને પણ કેચ અપાવ્યો. જોકે, તેને બીજા છેડેથી કોઈ ટેકો મળ્યો નહી અને ટીમ ૧૭મી ઓવરમાં હારી ગઈ.હૈદરાબાદની બેટિંગ પીચ પર લખનૌના બોલરોએ કડક બોલિંગ કરી. પાવરપ્લેના ત્રીજા ઓવરમાં શાર્દુલે બે મોટી વિકેટ લીધી. તેણે અભિષેક શર્મા અને ઈશાન કિશનને પેવેલિયન મોકલ્યા. પ્રિન્સ યાદવે પણ ડેથ ઓવરોમાં તેનો સારો સાથ આપ્યો. આ બંનેની બોલિંગે હૈદરાબાદને મોટો સ્કોર બનાવવા દીધો નહી.

## ફિલિપાઇન્સની ૧૯ વર્ષીય એલેકઝાન્ડ્રાએ સ્વિયાતેકને હરાવીને મેજર અપસેટ સર્જ્યો



વાઈલ્ડ કાર્ડથી ટૂર્નામેન્ટમાં પ્રવેશ કરનાર ફિલિપાઈન્સની ૧૯ વર્ષીય એલેકઝાન્ડ્રા ઈયાલાએ માયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મેજર અપસેટ સર્જીને વિશ્વની બીજી ક્રમાંકિત પોલેન્ડની ઈગા સ્વિયાતેકને ૬-૨, ૭-૫થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.વર્લ્ડ રેન્કિંગમાં ૧૪૦મા ક્રમાંકે રહેલી ઈયાલા ડબ્લ્યૂટીએ ૧૦૦૦ ટૂર ટૂર્નામેન્ટની અંતિમ-૮માં પહોંચનાર પોતાના દેશની પ્રથમ ખેલાડી બની છે. તેણે સ્વિયાતેકના ખરાબ પ્રદર્શનનો ફાયદો ઉઠાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ઈયાલા ૧૩ વર્ષની વયે માલોર્કામાં રફેલ નાદાલની ટેનિસ એકેડેમીમાં સામેલ થવા માટે સ્પેન જતી રહી હતી. ફિલિપાઈન્સની ખેલાડીનો આગામી મુકાબલો અમેરિકાની જેસિકા પેગુલા સામે થશે જેણે બ્રિટનની એમ્મા રાડૂકાનુને ભારે સંઘર્ષ બાદ હરાવી હતી. વિશ્વની ચોથી ક્રમાંકિત પેગુલાએ મેચમાં ૬-૪, ૬-૭ (૩-૭), ૬-૨ના સ્કોરથી પરાજય આપ્યો હતો. વિમેન્સ સિંગલ્સની પ્રથમ સેમિફાઈનલ આર્યના સબાલેન્કો અને જાસ્મિન પાઓલિની વચ્ચે રમાશે. બીજી સેમિફાઈનલમાં ચોથી ક્રમાંકિત પેગુલા અને ઈયાલા વચ્ચે મુકાબલો થશે.મેન્સ ડબલ્સમાં ભારતના યુકી ભાંબરી અને નૂનો બાર્ગેસના અભિયાનનો અંત આવી ગયો હતો. બ્રિટનના લોઈડ ગ્લાસપૂલ તથા જુલિયન કેશ સામેની મેચમાં ભાંબરી અને નૂનોનો ૭-૬ (૭-૧), ૩-૬, ૧૦-૮ના સ્કોરથી પરાજય થયો હતો.

## આર્યન શાહ સહિત પાંચ ભારતીય ખેલાડીઓ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં





આઈટીએફ મેન્સ ટેનિસમાં ગુજરાતના માધવિન કામથ સહિત ભારતના પાંચ ખેલાડીઓએ પોતપોતાના મુકાબલા જીતીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

સિદ્ધાર્થ વિશ્વકર્મા, ચિરાગ દુહાન તથા ક્રિસ ત્યાગીએ એક સમયે પરાજયના દ્વારે પહોંચ્યા બાદ મેચ જીતીને મેજર અપસેટ સર્જ્યા હતા. કરન સિંઘ અને આર્યન શાહે અપેક્ષા મુજબ પોતાના મુકાબલા જીતી લીધા હતા. ફોર્મમાં રહેલા ઈશાક ઈકબાલનો છઠ્ઠા ક્રમાંકિત જાપાનના રયોતારા તાગુચી સામે ૫-૭, ૧-૬થી, આઠમા ક્રમાંકિત દેવ જાવિયાનો ચિરાગ દુહાન સામે ૫-૭, ૬-૪, ૩-૬થી પરાજય થયો હતો. આ મુકાબલો લગભગ બે કલાક ૪૫ મિનિટ સુધી રમાયો હતો. અમદાવાદના બે સ્થાનિક ખેલાડીઓમાં રમાયેલા મુકાબલામાં આર્યન શાહે માધવિન કામથને કોઈ પણ મુશ્કેલી વિના ૬-૪, ૬-૪થી હરાવ્યો હતો. બ્રિટનના જય ક્લાર્કે કઝાકિસ્તાનના લોમાકિન ગ્રિગોરીને ૬-૦, ૬-૧થી, ઈટાલીના એલેકસાન્દ્ર બિન્ડાએ જાપાનના રયુકી મત્સુદાને ૬-૪,૪-૬, ૭-૫થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

## વિકેટકીપિંગ નહીં કરું તો હું મેદાનમાં બેકાર ખેલાડી બની જઈશ :ધોની



ચેન્નાઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ જણાવ્યું હતું કે જો તે સ્ટમ્પ પાછળની જવાબદારી અદા નહીં કરે તો તે મેદાનમાં પોતાની જાતને બેકાર સમજશે કારણ કે વિકેટકીપિંગ કરતી વખતે તે રમતને ઘણી સારી રીતે સમજી શકે છે.

૪૩ વર્ષીય ધોની સીએસકે માટે વિકેટકીપિંગ કરતો રહેશે કારણ કે ફ્રેન્ચાઈઝીએ આ અનુભવી ખેલાડી ઉપર પોતાનો ભરોસો જાળવી રાખ્યો છે. ધોની આઈપીએલની શરૂઆતથી જ સીએસકે સાથે છે. માત્ર બે સિઝનમાં ટીમને ટૂર્નામેન્ટમાંથી સસ્પેન્ડ કરવામાં આવી ત્યારે તે બીજી ફ્રેન્ચાઈઝી માટે રમ્યો હતો. તેણે ટીમને પાંચ ટાઈટલ જીતાડવા ઉપરાંત ૧૦ વખત ફાઈનલમાં પહોંચાડી હતી.

ધોનીએ જણાવ્યું હતું કે જો હું વિકેટકીપિંગ નહીં કરું તો મને લાગે છે કે હું મેદાનમાં બેકાર થઈ ગયો છું કારણ કે આ સ્થાનેથી હું રમતને વધારે સારી રીતે સમજી શકું છું. આ એક પડકાર છે. મારી ફ્રેન્ચાઈઝી હું ઈચ્છું ત્યાં સુધી મને રમવાની મંજૂરી આપે તેવી છે. હું ક્રિકેટનો આનંદ માણું છું તેથી એક વર્ષમાં એક જ વખત રમીશ.

ઋતુરાજ ગાયકવાડને સુકાનીપદ સોંપવાના સંદર્ભમાં ધોનીએ જણાવ્યું હતું કે સિઝન દરમિયાન ઘણા લોકોએ અનુમાન લગાવ્યું હતું કે હું નિર્ણયો લઈ રહ્યો છું પરંતુ વાસ્તવિકતા એ છે કે ૯૯ ટકા નિર્ણય ઋતુરાજે લીધા હતા. બોલિંગમાં ફેરફાર, ફિલ્ડ સેટિંગ સહિત વિવિધ નિર્ણય તેના હતા. હું તેને માત્ર મદદ કરી રહ્યો હતો. તેણે ખેલાડીઓ માટે પ્રેરણાદાયી નેતૃત્વ કર્યું છે. ધોનીએ આઈપીએલમાં ૨૬૫ મેચો રમી છે અને ૨૪ અડધી સદી વડે ૫,૨૪૩ રન બનાવ્યા છે.

## નિકોલસ પૂરને તોડ્યો ટ્રેવિસ હેડનો રેકોર્ડ, રચ્યો નવો ઇતિહાસ



IPL ૨૦૨૫માં દરરોજ રોમાંચક મેચો રમાઈ રહી છે. જ્યારે બેટ્સમેનો પૂરા દિલથી રન બનાવી રહ્યા છે, ત્યારે બોલરોનું વર્ચસ્વ પણ દેખાઈ રહ્યું છે. ૨૭ માર્ચે સનરાઈઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં નિકોલસ પૂરને પોતાના બેટથી તબાહી મચાવી હતી અને માત્ર ૧૮ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેણે હૈદરાબાદના બેટ્સમેન ટ્રેવિસ હેડનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો.

પૂરને હૈદરાબાદ સામે સારી બેટિંગ કરી હતી. તેણે શાનદાર બેટિંગ કરી અને એલએસજીની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી. આ મેચમાં માત્ર ૧૮ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરનાર પૂરને ટ્રેવિસ હેડનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો હતો. પૂરન પહેલા IPL ઈતિહાસમાં ૨૦ બોલમાં સૌથી વધુ અડધી સદી ફટકારવાનો રેકોર્ડ ટ્રેવિસ હેડના નામે હતો, પરંતુ હવે પૂરને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. હેડે આઈપીએલમાં ૨૦ બોલમાં કુલ ૩ અડધી સદી ફટકારી છે. જોકે, હવે પૂરન તેના કરતા આગળ નીકળી ગયો છે.

પૂરને હૈદરાબાદ સામે ત્રીજા નંબરે શાનદાર બેટિંગ કરી હતી. તેણે ૨૬ બોલમાં ૭૦ રનની ઈનિંગ રમી હતી. ૨૬૯.૨૩ના સ્ટ્રાઈક રેટ સાથે બેટિંગ કરતા તેણે ૬ ચોગ્ગા ઉપરાંત ૬ છગ્ગા ફટકાર્યા હતા. છેલ્લી મેચમાં પણ પૂરને દિલ્હી સામે શાનદાર અડધી સદી ફટકારી હતી.આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૯૦ રન બનાવ્યા હતા. ટ્રેવિસ હેડે ૨૮ બોલમાં ૪૭ રન બનાવ્યા હતા જ્યારે અનિકેત વર્માએ ૧૩ બોલમાં ૩૬ રન બનાવ્યા હતા જેના જવાબમાં એલએસજીએ શાનદાર બેટિંગ કરી હતી અને ૧૬.૧ ઓવરમાં ૫ વિકેટે મેચ જીતી લીધી હતી. પુરન ઉપરાંત એલએસજી તરફથી મિચેલ માર્શે પણ પોતાની આક્રમક બેટિંગથી હૈદરાબાદને સ્તબ્ધ કરી દીધું હતું. તેણે ૩૧ બોલમાં ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૫૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

# વાપીમાં રખડતા ઢોર પકડવા ગયેલા પાલિકાના કર્મચારીઓ પર હુમલો

## હુમલો કરી માલધારીઓ ઢોર છોડાવીને લઈ ગયા

સુરત, તા.૨૮

આજે વેહલી સવારે બનેલી ઘટના માં વાપી પાલિકા વોર્ડ નંબર ત્રણ ની હદ વિસ્તાર માં નુતન નગર ના જાહેર માર્ગ ઉપર રખડતાં અબોલા જીવ ને પાલિકા દ્વારા સલામત અને સુરક્ષિત જગ્યા એ લઈ જવા માટે પ્રયાસો કરતી વેળા એ અબોલા જીવ ના માલિકો દ્વારા પાલીકા ના કર્મચારી ઓ ઉપર ઘાતક હથિયારો સાથે ધસી આવ્યા, પરિમાણ સ્વરૂપ રખડતાં અબોલા જીવ ના માલિકો, પાલિકા દ્વારા પકડેલા જાનવરો છોડવી ને લઈ જવા મા સફળ બન્યા.



ઉલ્લેખનીય વાત એમ છે કે જાહેર માર્ગો ઉપર સતત વાહનો ની અવરજવર થતી હોય છે, એવા માર્ગ ઉપર રખડતાં મૂંગા જાનવરો ને લઈ અકસ્માત ની ઘટના અને ટ્રાફિક સમસ્યા બને છે એમાં કોઈ શંકા ને સ્થાન નથી?સાથે ગૌ તસ્કરો ને મોકળું મેદાન પણ મળી રહે? આવી વિકટ સમસ્યા દૂર કરવા મહા નગર પાલિકા દ્વારા અબોલા જીવ ને પકડી નજીક ના પાંજરા પોળ માં લઈ જવાના અભિયાન માં બાધારૂપ બનતા મૂંગા જીવ ના માલિકો ની દાદાગીરી કેટલી યોગ્ય કહી શકાય? અબોલા જીવ જ્યાં સુધી માલિક નું ભરણ પોષણ કરવાની ક્ષમતા ધરાવે ત્યાં સુધી તેનું જતન કરે અને પછી રસ્તે રખડતાં રઝળતા કરી દેવા એ પણ કેટલું યોગ્ય કહી શકાય? એવા અનેક સવાલો નું સમાધાન નું નિરાકરણ કરવા પાલિકા દ્વારા અબોલા ના માલિકો જેમ કે ગાય, ભેંસ ના તબેલા વાળા અને છૂટક જાનવરો રાખનારા માલિકો ની સાથે સમન્વય કેળવી યોગ્ય સમાધાન લાવવાની જરૂર જણાઈ રહી છે.હાલ પાલિકા ને આંઠ જેટલા અબોલા જીવો ને પકડી નજીક ના પાંજરા પોળ માં લઈ જવા સફળતા મળી છે.આવનારા દિવસો માં રસ્તે રખડતાં મૂંગા જાનવરો ની સમસ્યા થી વાહન ચાલકો અને રાહદારી ને રાહત થાય એવા પગલાં પાલિકા લે એવી લોક લાગણી જોવા મળી છે.



**બળબળતા ઉનાળામાં માટીન માટલાનું શિતળ પાણી સ્વાસ્થ્ય માટે ખુબ ફાયદાકારક હોય છે. માટીના પરંપરાગત માટલાઓ પર ફેન્સી ડિઝાઈન બનાવી માટલાઓને વધુ આકર્ષક બનાવવાનો ધંધો પણ પુર બહારમાં ખીલી ઉઠ્યો છે.**

# ચેક રિટર્ન કેસમાં કાપડ વેપારીની અપીલ નામંજૂર કરતી કોર્ટ

## રૂસ્તમપુરાના કમલ ઘીયાને ૧ વર્ષની સજાનો હુકમ યથાવત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

રૂ.૩.૨૧ લાખના ચેક રિટર્ન કેસમાં ૧ વર્ષની સજાના હુકમ સામે રૂસ્તમપુરાના કાપડ વેપારીએ કરેલી અપીલ કોર્ટે મંજુર કરી ન હતી અને અગાઉ થયેલો હુકમ કાયમ રાખ્યો હતો.

આ કેસની વિગત અનુસાર ફરીયાદી કૈલાશ શ્રીભગવાન કલ્યાણી (રહે. ફોરમ એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ) કલ્યાણી થ્રેડ્સના નામે યાર્ન ઉત્પાદન અને વેચાણ કરે છે. જ્યારે આરોપી કમલ ચંપાલાલ ઘીયા (રહે. રૂસ્તમપુરા પોલીચ ચોકી પાસે, બહુચરા વાડી)બબિતા નેરો ફેબ્રિક્સના નામે કાપડનો વેપાર કરે છે. દરમિયાન સને ૨૦૨૦ના ઓક્ટોબર મહિનામાં બબીતા નેરો ફેબ્રિક્સના વેપારીએ કલ્યાણી થ્રેડ્સમાંથી રૂ.૩.૨૧ લાખની વુડન કારપેટની ખરીદી કરી હતી. અને પેમેન્ટ પેટે રૂ.૬,૬૦૪ ચુકવ્યા હતા. બાકી પેમેન્ટ પેટે કુલ ૬ ચેક આપ્યા હતા. જે રિટર્ન થતા આરોપીને નોટીસ આપ્યા બાદ કોર્ટમાં સને ૨૦૨૨માં કેસ કરાયો હતો. જેમાં ફરીયાદી તરફે એડવોકેટ યોગેશ કે.જોગાણીએ હાજર રહી પુરાવા રજુ કર્યા હતા. કોર્ટે એડવોકેટ જોગાણીની દલીલો બાદ આરોપી કમલ ઘીયાને કોર્ટે ૧ વર્ષની સજાનો હુકમ કર્યો હતો. આ હુકમથી નારાજ થઇ આરોપી કમલ ઘીયાએ તેમના વકીલ મારફતે ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં અપીલ કરી હતી. દરમિયાન કોર્ટે અપીલ નામંજુર કરી અગાઉ થયેલો હુકમ કાયમ રાખ્યો હતો.

# મઢીમાં ખાડી કિનારા પર જુગાર રમતા બે પકડાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

કડોદરા તારીખ ૨૮ સુરત જિલ્લા એલસીબી પોલીસ ની ટીમે બાતમી ના આધારે બારડોલી તાલુકાના મઢી ગામની સીમમાં દરોડા પાડી ખાડી કિનારે જુગાર રમતા બેય આરોપીને ઝડપી પાડ્યા હતા પોલીસે તેમની પાસેથી ૧૪,૦૦૦ ની મતા કબજે કરી હતી પ્રાપ્ત વિગત અનુસાર સુરત જિલ્લા એલસીબી પોલીસ ની ટીમ ગઈકાલે પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે પોલીસને બાતમી મળી હતી કે મોજે મઢી ગામની સીમમાં આવેલી ખાડી કિનારે ખુલ્લી જગ્યામાં જાહેરમાં સુરાલી ખાતે રહેતો ભૂરે ખાન પઠાણ નામનો ઈસમ પોતાના માણસો રાખી મુંબઈ થી નીકળતા વરલી મટકા ના આકો ઉપર આવતા જતા રાહદારીઓ પાસેથી પૈસા વાટી જુગાર રમી રમાડતો હતો જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા સ્થળ ઉપર વલણ લખનાર વિજય ભાઈ મનહરભાઈ રાઠોડ રહે મઢી ભરત ભાઈ મગનભાઈ ચૌધરી રહે સુરાલી ની ધરપકડ કરી હતી જ્યારે મુખ્ય આરોપી ભુરે ખાન ને વોન્ટેડ જાહેર કરાયા હતા પોલીસે આરોપી ઓ પાસેથી કુલ્લે રૂ ૧૪ ૭૩૦ ની મતા કબજે કરી હતી

# પલસાણા ખુન કેસમાં ત્રણ આરોપી ઝડપાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮

કડોદરા તારીખ ૨૮ પલસાણાના તાતી ઝગડા ગામમાં ગલુ દબાવી ૧૮ વર્ષ ના યુવકની કરપીણ હત્યા કરનાર ત્રણેય આરોપીઓ ને સુરત જિલ્લા એલસીબી ની ટીમે વણેસા થી ઝડપી પાડ્યા હતા પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે તાતી જગડા ગામની સીમમાં રહેતા ૧૮ વર્ષીય યુવક એના ઘરમાં સુતો હતો ત્યારે બાજુના ફળિયામાંથી આવેલા ઈસમોએ ગલુ દબાવી મોત નીપજાવેલ હતું આ મામલે જિલ્લા એલસીબી પોલીસે અલગ અલગ ટીમો બનાવી વણેસા આંબાવાડી થી વિશાલ ઉર્ફે રાહુલ રાઠોડ અને આનંદ રાઠોડ તેમજ કિશોર ને ઝડપી પાડ્યા હતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે

# અકસ્માતમાં માર્યા ગયેલા ત્રણ પોલીસ કર્મીને ગાર્ડ ઓફ ઓનર

## અમદાવાદના ત્રણ પોલીસકર્મીના પાર્થિવ દેહ વતન લવાયા

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનના પીએસઆઇ અને ત્રણ પોલીસકર્મી પોક્સોના ગુનાની તપાસ માટે પંજાબ જતા હતા. જ્યાં બુધવારે (૨૬ માર્ચ) હરિયાણાના ડબવાલી ખાતે ભારતમાલા રોડ ઉપર પોલીસને બોલેરો અને ટ્રક અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ પોલીસકર્મીના ઘટનાસ્થળ જ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે પીએઆઇ, જે.પી.સોલંકીને ગંભીર ઈજાઓ થઈ હતી હાલમાં તે સારવાર હેઠળ છે. આ ત્રણેય મૃતકના પાર્થિવ દેહને અમદાવાદમાં લાવવામાં આવ્યાં હતાં અને પોલીસ કમિશનર સહિતના પોલીસકર્મીઓ અને મૃતકોના પરિવારજનો દ્વારા તમામ મૃતકોને પુષ્પાંજલિ અર્પણ કરાયા બાદ પાર્થિવ દેહને તેઓના ઘરે લઈ જવામાં આવ્યાં હતાં.

મૃતક પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામિતના મૃતદેહને એમ્બ્યુલન્સમાં તાપી ખાતે લઈ જવામાં આવ્યો છે. તાપી ખાતે જિલ્લા પોલીસ વડા દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ સંસ્કાર કરાયા. આ ઉપરાંત ડ્રાઈવર ઘનશ્યામ ભરવાડ અને હોમગાર્ડ રવિન્દ્રસિંહ ક્ષત્રીયના પાર્થિવ દેહને પણ સિટીએમ અને સિંગરવા તેઓના ઘરે લઈ જવાયા છે. બંનેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનમાં પોક્સોનો ગુનો નોંધાયો હતો, આ કેસમાં આરોપી પંજાબમાં છૂપાયો હોવાની માહિતી આધારે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને નવા નરોડા ખાતે રહેતા પીએસઆઇ જયેન્દ્રસિંહ પ્રવીણસિંહ સોલંકી તથા અમરાઈવાડી જુની પોલીસ લાઇનમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામીત અને રામોલ ભરવાડ વાસમાં રહેતા ઘનશ્યામભાઈ ભરવાડ તેમજ ઓઢવ સિંગરવા ગામમાં રહેતા હોમગાર્ડ જવાન રવિન્દ્રસિંહ ક્ષત્રિય સાથે પોલીસની બોલેરા ગાડી લઈને તપાસ માટે પંજાબ જવા રવાના થયા હતા.



**નાનપુરા નાવડી ઓવારા નજીક વિજ કેબલ લાઈનમાં પતંગના દોરામાં ફસાઈ ગયેલા કબુતરને ફાયર બ્રિગેડે ભારે જહેમત કરીને કબુતરને હેમખેમ મુક્ત કરાવયું હતું. પતંગ દોરામાં ફસાયેલા કબુતર અંગે સ્થાનિક લોકોએ ફાયર બ્રિગેડને કોલ કરતા ફાયરના જવાનો તાકીદે મદદ માટે દોડી આવ્યા હતા. (તસવીર : હનીફ મલેક)**

# સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજનભાઈ પટેલને કોર્પોરેટરોએ અભિનંદન પાઠવ્યા

સુરત, તા.૨૭

સુરત પાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહમાં આજરોજ સ્થાયી સમિતિ દ્વારા મંજુર કરાયેલા બજેટ ઉપર ચૂંટાયેલા સભ્યોએ પોતાની પ્રતિક્રિયા અને સૂચનો આપ્યા હતા. સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬નાં ડ્રાફ્ટ બજેટમાં સુધારો વધારો કરીને જે ૧૦,૦૦૪ કરોડનું બજેટ મંજૂર કરાયું છે તેને સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજનભાઈ પટેલે રજૂ કર્યું હતું. બજેટની ચર્ચા દરમિયાન શાસક પક્ષના કોર્પોરેટરોએ વિકાસલક્ષી બજેટ રજૂ કરવા બદલ સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતાં.

### ઓક્સફર્ડમાં
પહેલા પાનાનું ચાલુ

ત્યારે કેટલાક લોકો હાથમાં પ્લેકાર્ડ લઈને ઉભા થઈ ગયા. પ્લેકાર્ડ્સ પર રાજ્યમાં ચૂંટણી દરમિયાન થયેલી હિંસા અને આરજી કર મેડિકલ કોલેજ રેપ કેસ વિશે લખ્યું હતું.

પ્રદર્શનકારીઓએ સુત્રોચ્ચાર પણ કર્યો હતો, ત્યારે મમતા બેનર્જીએ જવાબ આપીને પ્રદર્શનકારીઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો. આરજી કર મેડીકલ હોસ્પિટલમાં મહિલા ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યા મામલે પ્રદર્શનકારીઓને જવાબ આપતા મમતા બેનર્જીએ કહ્યું, 'શું તમને ખબર છે કે આ મામલો પેન્ડિંગ છે? આ મામલાની તપાસની જવાબદારી હવે કેન્દ્ર સરકારના હાથમાં છે, આ મામલો હવે અમારા હાથમાં નથી.'

મમતા બેનર્જીએ કહ્યું, 'અહી રાજકારણ ન કરો, આ રાજકારણનું પ્લેટફોર્મ નથી. મારા રાજ્યમાં આવો અને મારી સાથે રાજકારણ કરો.' જ્યારે પ્રદર્શનકારીઓ બુમો પાડવા લાગ્યા ત્યારે મમતા બેનર્જીએ જવાબ આપ્યો, 'મારું અપમાન કરીને તમારી સંસ્થાનું અપમાન ન કરો. હું દેશના પ્રતિનિધિ તરીકે આવી છું. તમારા દેશનું અપમાન ન કરો.' જોકે, બાદમાં કાર્યક્રમના આયોજકો અને ત્યાં હાજર લોકોએ પ્રદર્શનકારીઓને ત્યાંથી જવાની ફરજ પાડી હતી.

બધું શાંત થયા બાદ મમતા બેનર્જીએ શાંતિથી કહ્યું, 'તમે મને વારંવાર અહીં આવવા માટે પ્રોત્સાહિત કરી છે. યાદ રાખો, દીદીને કોઈનો ડર નથી. દીદી રોયલ બંગાળ ટાઈગરની જેમ ચાલે છે. જો તમે મને પકડી શકો તો પકડી લો!

### વ્હાઈટ
પહેલા પાનાનું ચાલુ

છે, તો બીજી બાજુ ઈફ્તાર પાર્ટીનું આયોજન કરે છે.'ટ્રમ્પે પ્રમુખ તરીકેના પોતાના ૨૦૧૭ના પ્રથમ કાર્યકાળમાં વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર પાર્ટીનું આયોજન રદ કર્યુ હતું. ૧૯૯૬માં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટને ઈફ્તાર પાર્ટીની શરૂઆત કરી હતી. ત્યારબાદ જ્યોર્જ બુશ અને બરાક ઓબામાએ આ પરંપરા જાળવી હતી. પરંતુ ટ્રમ્પે આ પરંપરાને તોડી હતી. ઉલ્લેખનીય છે, ઈફ્તાર પાર્ટીમાં મુસ્લિમ સમુદાયના પ્રતિષ્ઠિત સમુદાયો સાથે મુસ્લિમ દેશોના રાજકીય અને સિનેટર સામેલ થાય છે.વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર ડિનરની મેજબાની કરતાં જણાવ્યું કે, 'હું તમામ લોકોનું વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર ડિનર લેવા માટે સ્વાગત કરુ છું. અમે ઈસ્લામના પવિત્ર મહિના રમઝાનની ઉજવણી કરી રહ્યા છે. વિશ્વભરના મુસ્લિમોને રમઝાન મુબારક. અમે વિશ્વમાં શ્રેષ્ઠ ધર્મો પૈકી એક ધર્મનું સન્માન કરીએ છીએ. આ પવિત્ર મહિનામાં મુસ્લિમ સવારથી સાંજ સુધી રોજા રાખે છે. ખુદાની ઈબાદત કરે છે. વિશ્વભરના મુસ્લિમ દરરોજ રાત્રે પરિવાર અને મિત્રો સાથે મળી ખુદાનો આભાર માને છે અને ઈફ્તાર કરે છે. અમે સમગ્ર દુનિયામાં શાંતિ ઈચ્છીએ છીએ.'

### ૨૦૨૫ ભારત
પહેલા પાનાનું ચાલુ

૫૫૪ હીટવેવ દિવસો દેશમાં હીટવેવની ઘટનાઓની કુલ સંખ્યા દર્શાવે છે, કેલેન્ડર દિવસો નહીં.હીટવેવ વધવાના ૨ મુખ્ય કારણો હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગરમીના દિવસોમાં વધારો થવા પાછળનું કારણ અલ-નીનોની સ્થિતિ છે. અલ-નીનો પરિસ્થિતિઓ પેસિફિક મહાસાગરમાં અસામાન્ય રીતે ગરમ પાણીને કારણે સર્જાય છે.આના કારણે ભારતમાં વરસાદ ઓછો થાય છે અને ગરમીની અસર વધે છે. આ વર્ષે, અલ-નીનોનો સૌથી ખરાબ તબક્કો અઢી મહિના સુધી ચાલશે, જે જૂનમાં સમાપ્ત થશે.આ ઉપરાંત, આબોહવા પરિવર્તન પણ આનું એક મોટું કારણ છે. આને કારણે હીટવેવ લાંબા સમય સુધી રહે છે, જેનાથી હીટવેવની તીવ્રતા અને અવધિમાં વધારો થાય છે.

### કઠુઆમાં ત્રણ
પહેલા પાનાનું ચાલુ

સૂત્રોના જણાવ્યા અનુસાર, ચારથી પાંચ આતંકવાદીઓ ગાઢ જંગલોમાં છૂપાયેલા હતા. સુરક્ષા દળોએ તેમનું ચોક્કસ સ્થાન શોધી કાઢ્યું હતું, ત્યારબાદ ભારે ગોળીબાર શરૂ થયો હતો. આ એન્કાઉન્ટર હીરાનગર સેક્ટરથી લગભગ ૩૦ કિમી દૂર જાખોલ ગામ પાસે થયું હતું.રવિવાર પહેલું એન્કાઉન્ટર થયું હતું, જેમાં આતંકવાદીઓને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. ભારતીય સેનાના ખાસ દળો આતંકવાદીઓને ખતમ કરવા માટે ઓપરેશનમાં સામેલ થયા હતા.જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) નલિન પ્રભાત પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સુરક્ષા એજન્સીઓને શંકા છે કે ગુરુવારે થયેલા એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકવાદીઓ એ જ છે જે રવિવારે હીરાનગર એન્કાઉન્ટર દરમિયાન ભાગી જવામાં સફળ રહ્યા હતા.પોલીસ, સેના, NSG, BSF અને CRPF સાથે મળીને આ ઓપરેશન ચલાવી રહ્યા છે. યુએવી, ડ્રોન, બુલેટપ્રૂફ વાહનો અને અન્ય આધુનિક સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.આતંકવાદીઓને પકડવા માટે સુરક્ષા દળોએ થર્મલ ઈમેજિંગ, ડ્રોન, હેલિકોપ્ટર, બુલેટપ્રૂફ વાહનો અને સ્નિફર ડોગ્સની મદદથી મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સોમવારે હીરાનગર વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન M4 કાર્બાઈનના ચાર લોડેડ મેગેઝિન, બે ગ્રેનેડ, બુલેટપ્રૂફ જેકેટ, સ્લીપિંગ બેગ, ટ્રેકસુટ, ખાદ્ય પદાર્થો અને IED બનાવવાની સામગ્રી મળી આવી હતી.

### ભારત સાથેનો
પહેલા પાનાનું ચાલુ

સૈનિકો પાછા ખેંચવા અને ફોલો-અપ પ્રક્રિયા અંગેના પ્રશ્નના જવાબમાં આ ટિપ્પણી કરી હતી. વુએ પત્રકારોને જણાવ્યું હતું કે, ચીનનું સૈન્ય તેના ભારતીય સમકક્ષો સાથે મળીને સરહદ મુદ્દાના નિષ્પક્ષ અને ન્યાયી ઉકેલને લાગુ કરવા માટે તૈયાર છે.ઉલ્લેખનીય છે કે, ચીન ભારત સાથે સૈન્ય સંબંધો સુધારવા અને તેમને મજબૂત કરવા માટે ઉત્સુક છે. વુએ કહ્યું કે ચીનની સૈન્ય પણ ડ્રેગન અને હાથી વચ્ચે સહકાર અને લશ્કરી સંબંધોને મજબૂત કરવામાં યોગદાન આપવા માંગે છે.બંને દેશો વચ્ચેનો સહકાર તાજેતરમાં ચીનમાં એક મુખ્ય વિષય બની ગયો છે કારણ કે બંને દેશોએ ગયા વર્ષે ઓક્ટોબરમાં પૂર્વી લદ્દાખમાં કબઈમાંથી સૈનિકોને છૂટા કરવા માટે કરાર કર્યો હતો, જેનાથી સંબંધોમાં ચાર વર્ષથી વધુની મડાગાંઠનો અંત આવ્યો હતો.

### અમેરિકા સાથેના
પહેલા પાનાનું ચાલુ

આવતા અઠવાડિયાથી અમલમાં આવશે. કાર્નેએ કહ્યું કે યુએસ પ્રમુખ ટ્રમ્પના ટેરિફ લાદવાના નિર્ણય પછી કેનેડિયનોએ હવે તેમના અર્થતંત્ર વિશે ફરીથી વિચારવું જોઈએ.નિષ્ણાતોના મતે, ટ્રમ્પનો આ નિર્ણય કેનેડાના ઓટો ઉદ્યોગ માટે ઘાતક સાબિત થઈ શકે છે. આ ઉદ્યોગ દેશમાં ૫ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે. કાર્નેએ કહ્યું કે આ અમારા પર સીધો હુમલો છે, અમે અમારા કામદારો અને કંપનીઓનું રક્ષણ કરીશું.કાર્ને કહ્યું- અમેરિકા સાથે ઓટો કરાર સમાપ્ત થઈ ગયો છે

ટ્રમ્પના ટેરિફ અંગે, કાર્નેએ કહ્યું કે કેનેડા પણ અમેરિકા પર બદલો લેનારા ટેરિફ લાદશે, જેની તેના પર ભારે અસર પડશે. તેમણે કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે ૧૯૬૫ના ઓટોમોટિવ પ્રોડક્ટ્સ કરાર (ઓટો પેક્ટ)ને સૌથી મહત્વપૂર્ણ કરાર ગણાવ્યો અને કહ્યું કે આ ટેરિફ સાથે તે રદ થઈ ગયો છે.

### મૂળભૂત
પહેલા પાનાનું ચાલુ

શું છે મામલો? કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં તેઓ હાથ લહેરાતા ચાલતા હતા અને તેમના પર ફૂલની પાંખડીઓ વરસાવવામાં આવી રહી હતી. ૪૬ સેકન્ડના આ વીડિયોમાં બેકગ્રાઉન્ડમાંથી ''એ ખૂન કે પ્યાસે બાત સુનો'' ગીતનો અવાજ પણ આવી રહ્યો હતો.

આ ગીતને લઈને ગુજરાત પોલીસે કોંગ્રેસના સાંસદ વિરુદ્ધ ફ્રૈંઈ દાખલ કરી હતી. ગુજરાત પોલીસે આક્ષેપ કર્યો હતો કે આ ગીતના શબ્દો ભડકાઉ, રાષ્ટ્રીય એકતા માટે હાનિકારક અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડનારા છે. પરંતુ હવે પ્રતાપગઢીને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી છે.

### કુંટુંબ
પહેલા પાનાનું ચાલુ

તેના પર આગળ વધતા જણાવ્યું કે કૌટુંબીક મિલકતોનાં કાનુની વિવાદ અને ઝઘડા પણ વધી રહ્યા છે અને હવે એક જ વ્યકિત એટલે તે કુટુંબ તેવુ માનનારાઓ માતા પિતા અને સંતાનો વચ્ચે સાથે રહેવા મુદે જે રીતે તકરારો વધી ગઈ છે તેના પર આકરી ટીપ્પણી કરતા સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતુ કે માતા પિતાએ મેળવેલી સંપતી મકાનમાં તેમને જ સાથે રાખવા સંતાનો તૈયાર ન હોય તો સંતાનોને મિલકત છોડવાની ફરજ પાડવી જોઈએ.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, ભારતમાં આપણે વસુધૈવ કુટુંબકમમાં માનીએ છીએ એટલે કે આખુ વિશ્વ આપણું જ કુટુંબ છે.પણ આજે આપણે એક કુટુંબમાં પણ સાથે રહી શકતા નથી. કુટુંબનો ખ્યાલ જ ઘસાતો જાય અને દરેક માટે હવે તે એકલો એટલે કે એક વ્યકિત એક કુટુંબ જેવી માનસીકતા બની રહી છે. સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી એચ.એન.ભટ્ટી તથા એક જ મિશાલની ખંડપીઠે આ નિરિક્ષણ વ્યકત કર્યા હતા.

જેમાં એક માતા પિતા અને તેમનાં પુત્ર વચ્ચેનો મિલકતનો વિવાદ તેમની સાથે આપ્યો હતો. સુપ્રિમ કોર્ટે નોંધ્યુ કે મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સીટીઝન એકટમાં ભલે માતા પિતાની સંભાળ નહી રાખતા પુત્ર-પુત્રીઓને તેના કૌટુંબીક આવાસમાંથી બહાર તગડી મુકવાની જોગવાઈ હોય નહિં પરંતુ સિનિયર સીટીઝનની સુરક્ષા નિશ્ચિત કરવા તે જરૂરી બની ગયુ છે.

સર્વોચ્ચ અદાલતે આ તબકકે ટ્રીબ્યુનલના એક આદેશને રદ કર્યા હતા જેમાં માતા પિતાની સંભાળ નહિં લેનાર પુત્રને તેના પિતાની મિલકતમાંથી બહાર કાઢવા જણાવાયું હતું. સુપ્રિમે એ નોંધ લીધી હતી કે હવે પુત્રએ તેના માતાપિતાને ભરણ પોષણ આપવા એ તેની સંભાળ લેવા ખાતરી આપી છે. તેથી તેને ઘર બહાર કરવા જરૂરી નથી.

### નવસારી જિલ્લા કક્ષાનો
પેજ-૨ પાનાનું ચાલુ

અરજદારોની રજૂઆતોને વિગતે સાંભળી નિશ્ચિત સમય મર્યાદામાં નિરાકરણ લાવવા સૂચના સહ માર્ગદર્શન આપ્યું હતું.

આજે યોજાયેલા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આસીસ્ટન્ટ કલેકટરશ્રી વૈશાલી આર, નિવાસી અધિક કલેક્ટરશ્રી વાય.બી.ઝાલા, પ્રાંત અધિકારીશ્રીઓ , નાયબ કલેકટર સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દાદરા નગર
પેજ-૨ પાનાનું ચાલુ

હાથ ધરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા માપી. દાદરા નગર હવેલી ના સર્વાંગી વિકાસ માં બાધારૂપ બનેલ ફેક્ટરી સંચાલકો દ્વારા સરકારી ભૂગતાન કરવા માંટે પાલિકા દ્વારા નોટિસ આપ્યા બાદ પણ? ટેક્સ ચૂકવવામાં કસુરવાર થવાથી પાલિકા દ્વારા વિધિવત્ કંપની ને સીલ કરવાની ફરજ પડી છે. હવે એ જોવુ રહ્યું કંપની સંચાલકો વેળાસર સરકારી ચૂકવણું કરે છે કે કેમ?

### સુરતમાં તેલુગુ
પેજ-૨ પાનાનું ચાલુ

બુચ્ચીરામુલુ, પદ્મશાલી સમાજના પ્રમુખશ્રી દાસરી શ્રીનિવાસ, મહામંત્રી શ્રી પામુ વેણુ, કોર્પોરેટર શ્રીમતી કવિતાબેન એનાગંદુલા, માજી કોર્પોરેટર શ્રીમતી લક્ષ્મીબેન રાપોલુ, ચીટયાલા રામુ, કુસુમાં શ્રીનિવાસ, નરસિંહ અરકાલ, એલિગેટિ નાગેશ્વાર, વેનંમ શ્રીરામુલું, એડવોકેટ શ્રી સાગર વેલધી, ગુંડુ વિશ્વનાથમ, દાસરી સૂર્યનારાયણ, સતીશ બાલને, પ્રકાશ ચિદરાલા, વેણુ મારા, શ્રી નિવાસ કોડુનુરી, શ્રીનિવાસ યેલગમ, જગદીશ ચેલુમલ્લા વગેરેઓ શુભેચ્છા પાઠવે છે.

### પાણીની સુવિધા માટે
છેલ્લા પાનાનું ચાલુ

૧૫૫૦ MLD પાણી પુરવઠો કુલ-૭ ઈન્ટેકવેલ મારફત રો-વોટર મેળવી ૮ વોટર વર્ક્સમાંથી જળ શુદ્ધિકરણ કરી ૪૮ જળ વિતરણ મથકો અને ૯૭ ઓવર હેટ ટાંકી મારફત કુલ ૩૧૮૦ કિલોમીટર લંબાઈના પાઈપ નેટવર્ક મારફત પૂરો પાડવામાં આવે છે. ૪. સુરત મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં સતત પાણી પુરવઠો પુરો પાડવા કુલ ૨૭૫૩.૩૫ કરોડના ખર્ચે ૦૨-ઈન્ટેક વેલ, ૦૩-ફ્રેન્ચવેલ, ૦૪-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨૫-ભૂર્ગભટાંકી, ૫૦-ઓવરહેડ ટાંકી તથા અંદાજીત ૮૫૦ કી.મી. ટ્રાન્સમિશન તથા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૪૧૦.૩૮ કરોડ તથા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ.૪૨૯.૮૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.


સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-3, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૨૮ માર્ચ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

### સુરત મહાનગર પાલિકાના બજેટ પર સાધારણ સભામાં ચર્ચા શરૂ

# લોકસભામાં મંજૂર 'વન નેશન વન ઈલેક્શન'ના બિલને સામાન્ય સભામાં સર્વાનુમતે સમર્થન

## લોકશાહી ઢબે જ ચૂંટણીઓ થવી જોઈએ : વિરોધ પક્ષ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૮**

સુરત મહાનગરપાલિકાના નાણાંકીય વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ના ડ્રાફ્ટ બજેટને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સુધારો વધારો કરીને ૧૦,૦૦૪ કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. જે બજેટ શુક્રવારે આયોજિત મનપાની સામાન્ય સભામાં રજૂ કરવામાં આવ્યું હતું. સુરત પાલિકાની આ સામાન્ય સભામાં બજેટ ઉપર શાસક પક્ષના કોર્પોરેટરો અને વિપક્ષ આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ ચર્ચા કરી હતી. સભાની શરૂઆતમાં સભાપતિ મેયર શ્રી દક્ષેશભાઈ માવાણીએ લોકસભામાં મંજૂર થયેલા 'વન નેશન વન ઈલેક્શન'ના બિલને અનુમોદન માટે સદનમાં ઉપસ્થિત સભ્યોની મંજૂરી માંગી હતી જેને શાસકોએ સમર્થન આપ્યું હતું. જ્યારે વિરોધ પક્ષ આમ આદમી પાર્ટીના સભ્યોએ ચૂંટણીઓ લોકશાહી ઢબે જ થવી જોઈએ તેવું જણાવ્યું હતું.

મનપાના કમિશનર શાલીની અગ્રવાલ દ્વારા મહાનગરપાલિકાના નવ ઝોન તથા ફાયર બ્રિગેડ સહિત જુદા-જુદા વિભાગોના વિસ્તારોના વિકાસના કામો મળી કુલ ૯,૬૦૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટીને મોકલવામાં આવ્યું હતું. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલ અને કમિટીના સભ્યો ઘનશ્યામ સવાણી, કોર્પોરેટર નરેશ ધામેલીયા સહિત અન્ય કોર્પોરેટરોએ કમિશનર દ્વારા મોકલવામાં આવેલા ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા કરી હતી અને ચર્ચાના અંતે ડ્રાફ્ટ બજેટમાં સુધારા વધારા કરીને વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ના નાણાંકીય વર્ષ માટે ૧૦,૦૦૪ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરી સામાન્ય સભામાં મંજૂરીની અપેક્ષાએ મોકલવામાં આવ્યું હતું. આજે શુક્રવારે સુરત મહાનગરપાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ ખંડમાં શિક્ષણ સમિતિ અને મનપાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. મનપાની સામાન્ય સભા સવારે ૧૦:૦૦ કલાકે સમય અનુસાર શરૂ થઈ હતી. આ સામાન્ય સભામાં બજેટ પર શાસક પક્ષના કોર્પોરેટરો અને વિપક્ષ આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ ચર્ચા કરી હતી. ચર્ચા દરમિયાન સુરત પાલિકાના ચૂંટાયેલા સભ્યોએ પોત પોતાની રજૂઆત કરી હતી.



## સુરત શહેરની હરણફાળ પ્રગતિનાં અમે સાક્ષી છીએ : હેમાલી બોઘાવાલા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૮**

સુરત પાલિકાની આજની સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટર અને પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલાએ પોતાના સૂચનો રજૂ કર્યા હતા.

હેમાલીબેને જણાવ્યું હતું કે, સુરત શહેરની હરણફાળ પ્રગતિનાં અમે સાક્ષી છીએ જેનો અમને ગર્વ છે. હેમાલીબેન દ્વારા રજુ કરાયેલા સૂચનો આ મુજબ છે. ૧. જાન્યુઆરી-૨૦૨૨ થી નાગરિકોને સ્પર્શતી વિવિધ સેવાઓના નિયત કરેલ ફોર્મ સરળતાથી ભરી શકે તે માટેના માર્ગદર્શક નમુનારૂપ ફોર્મ વેબસાઈટ પર ઉપલબ્ધ કરનારી દેશની પ્રથમ મહાનગરપાલિકા બની છે. જેમાં બાકી રહેલા વિભાગોને આવરી લેવાનું નમ્ર સૂચન કરું છું. ૨. કાર્યરત વર્કિંગ વુમન હોસ્ટેલની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવા બાબત અનુરોધ કરું છું. ૩. એપ્રિલ-૨૦૨૫માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતના ગઠનના શતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી કરવા બાબત અનુરોધ કરું છું. ૪. આગામી ઓક્ટોબર-૨૦૨૬ માં સુરત મહાનગરપાલિકા તેના મહાનગરપાલિકામાં રૂપાંતરણની હિરક મહોત્સવ ઉજવશે, ત્યારે તેને અનુરૂપ વિવિધ કાર્યક્રમોનું આગોતરું આયોજન કરવા બાબત અનુરોધ કરું છું. ૫. આગામી એપ્રિલ-૨૦૨૭ માં સુરત મહાનગરપાલિકા તેની સ્થાપનાના ૧૭૫ માં વર્ષ એટલેકે શતામૃત મહોત્સવ ઉજવશે, ત્યારે તેને અનુરૂપ વિવિધ કાર્યક્રમોનું આગોતરું આયોજન કરવા બાબત અનુરોધ કરું છું. ૬. પ્રાયોગિક ધોરણે અઠવાલાઈન્સથી ડુમસ સુધી હયાત ફૂટ ઓવર બ્રિજની મર્યાદા ધ્યાને લઈ પર્યટકો માટે ઓપન રૂફ બસ ચાલુ કરવા અનુરોધ કરું છું. જેથી પર્યટકો સુરત શહેરની સુંદરતાને મન ભરીને માણી શકે. સભામાં બજેટ ઉપરની ચર્ચા દરમિયાન હેમાલીબેન બોઘાવાલાએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલની નાનપણની યાદોને પણ વાગોળી હતી.

## 'વન નેશન વન ઈલેક્શન' લોકશાહીનું ક્રાંતિકારી પગલું : મેયર દક્ષેશ માવાણી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૮**

શુક્રવારે પાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડમાં મળેલી સામાન્ય સભામાં બજેટની ચર્ચા દરમિયાન લોકસભામાં મંજુર થયેલા 'વન નેશન વન ઈલેક્શન'નાં બિલને સર્વાનુમતે સમર્થન આપવામાં આવ્યું હતું. સભાપતિ મેયર દક્ષેશભાઈ માવાણીએ કેન્દ્ર સરકારના 'વન નેશન વન ઈલેક્શન' નાં પગલાંને લોકશાહીનું ક્રાંતિકારી પગલું ગણાવ્યું હતું. મેયરે જણાવ્યું હતું કે, લોકસભા, ધારાસભા અને સ્થાનિક મંડળોની ચૂંટણી એક સાથે થવાથી ચૂંટણીનો ખર્ચ ઘટશે. વિકાસના કાર્યોમાં પ્રગતિ થશે અને નિરંતરતા આવશે. સરકાર વિકાસના કામોમાં ધ્યાન આપી શકશે. મતદાનની ટકાવારી પણ વધશે. કેન્દ્ર સરકારનો આ ઐતિહાસિક નિર્ણય છે.

## શાસક અને વિપક્ષના કોર્પોરેટરોએ સામાન્ય સભામાં પ્રતિક્રિયા આપી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૮**

આજરોજ સુરત પાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડમાં મળેલી સામાન્ય સભામાં બજેટ ઉપર ચૂંટાયેલા સભ્યોની ચર્ચા થઈ હતી. જેમાં શાસક અને વિપક્ષના સભ્યોએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

૧. રમીલાબેન પટેલ : ભાજપના કોર્પોરેટર રમીલાબેન પટેલે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, દક્ષેશભાઈ માવાણી મેયર બન્યા પછી મનપાને એવોર્ડની ભરમાર થઈ ગઈ છે. ૧૯૯૫ પહેલા સુરત શહેર ગંદુ અને ગોબરુ હતું. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી શહેરના રોડ રસ્તા હોય કે પછી ડ્રેનેજને લગતા કામો વિકાસના દરેક ક્ષેત્રે સુરત શહેરે હરણફાળ ભરી છે. પૂર્વમાં પીવાના પાણી માટે મહિલાઓ વચ્ચે એકબીજાના ચોટલા પકડીને મારામારી થતી હતી અને ખુલ્લામાં શૌચ ક્રિયા માટે જવું પડતું હતું જે બાબત ખરેખર નિંદનીય છે. ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવ્યા પછી સમાજ માટે કાળી ટીળી સમાન મુદ્દાઓ હંમેશા માટે ભસ્મીભૂત થઈ ગયા છે. રમીલાબેન પટેલે પૂર્વ કમિશનર એસ.આર. રાવની કામગીરીને પણ વખાણી હતી.

૨. સુધાકર ચૌધરી : ભાજપના કોર્પોરેટર સુધાકર ચૌધરીએ જણાવ્યું હતું કે, શિક્ષણની ચિંતા ભાજપ શાસકોએ હંમેશા કરી છે. ટીપી ૪૧માં શિક્ષણ સમિતિની સ્કૂલ જે જર્જરિત હાલતમાં હતી તેની રૂપિયા ત્રણ કરોડના ખર્ચે રીનોવેશનની કામગીરી ચાલુ છે. ડીંડોલી વોર્ડને પણ ૭ સુમન સ્કૂલો મળી છે.

૩. કુંદન કોઠીયા : આમ આદમી પાર્ટીના કોર્પોરેટર કુંદનબેન કોઠીયાએ જણાવ્યું હતું કે, શહેરના રસ્તાઓ ઉપર બીનવારસી વાહનોના ખડકલા સાથે અતિક્રમણ પણ વધી ગયું છે. મારા કાર્યક્ષેત્રના વિસ્તારોમાં ફૂટપાથ ઉપર ગેરકાયદેસર દબાણો, જાહેર બગીચાઓમાં સામાજિક તત્વોનો જમાવડો અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ થાય છે, ટ્રાફિકની પણ સમસ્યા જેમની તેમ છે, દુકાનના માલિકો આગળના ભાગે લારીઓ મુકાવી ભાડાં ખાઈ રહ્યા છે, જનતાને ભારે મુશ્કેલી પડી રહી છે. શાસકોએ એક વાર વરાછા વિસ્તારની મુલાકાત લેવી જોઈએ.

## પાણીની સુવિધા માટે ૬૦૦ કરોડના ખર્ચે વિકાસના કામો થશે : રાઉલજી

### મનપા નવા વિસ્તારોમાં પાણી પુરવઠો પૂરો પાડવા ૪૨૯.૮૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૮**

આજરોજ સુરત પાલિકાની સામાન્ય સભામાં બજેટની ચર્ચા દરમિયાન ભાજપના કોર્પોરેટર અને પાણી સમિતિના ચેરમેન હિમાંશુભાઈ રાઉલજીએ જણાવ્યું હતું કે, પાણીની સુવિધા માટે ૬૦૦ કરોડના ખર્ચે વિકાસના કામો થશે. મનપાના નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પાણી પુરવઠો પૂરો પાડવા ૪૨૯.૮૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

હિમાંશુભાઈ રાઉલજીએ પોતાના સૂચનો રજુ કર્યા હતા. જેમાં ૧. હાઈડ્રોલિક વિભાગ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૬૨૦,૦૦ કરોડના રિવાઈઝડ અંદાજિત ખર્ચે પાણીની સુવિધા સંબંધિત પ્રકલ્પો અંતર્ગત વિકાસના કામોનું આયોજન હાથ ધરવામાં આવનાર છે તથા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ.૬૦૦.૦૦ કરોડના ખર્ચે પાણીની સુવિધા માટેના વિકાસ કામો હાથ ધરવામાં આવનાર છે. ૨. સુરત શહેરની વસ્તી તથા વિસ્તારમાં થયેલ ફેરફારને અનુરૂપ શહેરની વર્ષ ૨૦૨૬ ની અંદાજિત ૯૦ લાખની વસ્તીને કુલ ૧૬૭૪ સ્ન્ઢ તેમજ વર્ષ ૨૦૪૧ ની અંદાજિત ૧.૬૮ કરોડની વસ્તીને કુલ ૩૧૩૧ સ્ન્ઢ પાણી પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે. ૩. શહેરના નવા સમાવિષ્ટ ૨૭ ગામતળ તથા ૨-નગરપાલિકા સિવાય ૯૯.૫૦% વસ્તીને સરેરાશ

અનુસંધાન પાના ૭ પર

## લસકાણાના પ્લોટનો માલિકની જાણ વગર બારોબાર સોદો

### અડાજણના ફિંડોલિયા દંપતિ વિરૂદ્ધ ગુનો નોધાયો

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮**

લસકાણા ગામ ખાતે અમીરાજ સોસાયટીના નામે બનાવેલા પ્લોટીંગની હોલ્ડરોને જાણ કર્યા વગર રૂ.૮ લાખમાં બારોબાર વેચી દઈ ઠગાઈ કરનાર અડાજણના ફિંડોલીયા દંપતિ વિરૂધ્ધ લસકાણા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાના વતની અને હાલ સુમુલ ડેરી રોડ શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા જયેશ ભનુભાઈ દુધાત જમીન લે વેચના કામ સાથે સંકળાયેલા છે. તેમણે અડાજણ સરદાર બ્રીજ પાસે ગ્રીન એન્કલેવમાં રહેતા ઘનસ્યામ રવજી ફિંડોલીયા અને તેની પત્ની દયાબેન વિરૂધ્ધ ઠગાઈની ફરીયાદ નોધાવી હતી. ફરીયાદમાં જણાવ્યા અનુસાર લકસાણા ગામ ખાતે અમીરાજ સોસાયટીના પ્લોટ નં.૬૦ વાળી જમીન આ દંપતિએ પ્લોટ હોલ્ડરોને જાણ કર્યા વગર રૂ.૮ લાખમાં બાવચંદભાઈ લવજીભાઈ સાવલીયાને વેચી દીધી હતી. જયેશ દુધાત અને પ્લોટ હોલ્ડરો સાથે થયેલી આ છેતરપિંડી બાબતે લસકાણા પોલીસે તપાસ હાથ ધરી છે.

## જાતિ વિષયક ગાળો દેનાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮**

સિંગણપોર ડી માર્ટની પાસે આવેલા સિલ્વર સ્ટોનમાં ઓફીસ ધરાવતા વંદન નામના વ્યક્તિએ એક ફરીયાદીને ઓફીસમાં ઈન્ટરવ્યુ સમયે ફરીયાદીનું નામ ઠામ પુછી તમે નીચી જાતિવાળા છો અને ઉંચી જાતિના છીએ તેમ કહી અપમાનીત કરી જાતિ સંબંધીત ગાળો આપી હતી. આ મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં વંદન સામે એટ્રોસિટીનો ગુનો નોંધાવયો હતો.

ચોકબજાર પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર સિંગણપોર ડી-માર્ટની બાજુમાં આવેલા સિલ્વર સ્ટોનમાં ઓફીસ નં.૩૦૨ માં વંદન નામના વ્યક્તિએ ઈન્ટરવ્યુ આપવા માટે આવેલા એક ફરીયાદીને જાતિ વિશે ગમે તેમ બોલી ગાળો આપી હતી. આ મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં વંદન વિરૂધ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## પરિણીતાના આપઘાત કેસમાં સાસરિયા વિરૂદ્ધ ગુનો દાખલ

### પતિ, સસરા, ભાભી તથા નણંદ ત્રાસ આપતા હતા

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૮**

ઘાસ્તીપુરા-ભરીમાતા રોડ રિવરવ્યુ સોયાટીમાં રહેતી નઝમા ખાન નામની પરણીતાએ દસ દિવસ પહેલા ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવમાં ગઈકાલે રાત્રે મૃતકની બહેને ચોકબજાર પોલીસ સ્ટેશનમાં નઝમાના પતિ, સસરા, ભાભી તેમજ નણંદ વિરૂધ્ધ આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ભરીમાતા ઘાસ્તીપુરા ખાતે રીવરવ્યુ સોસયાટીમાં રહેતા મોહંમદ સુફીયાન મુતીફ ખાનના લગ્ન નઝમા નામની યુવતી સાથે થયા હતા. લગ્ન બાદ સુફીયાન તેના પિતા મુતીફખાન ભાભી રાશીદા અને નણંદ શબાના નઝમાને માનસિક ત્રાસ આપતા હતા. પતિ સુફીયાન નઝમાને તારા ભાઈને વાત કરી મને તેના ધંધામાં ભાગીદાર બનાવવા તેમજ પિયરમાંથી રૂ.૫ લાખ લઈ આવવા દબાણ કરતો હતો. અવાર-નવાર શારીરિક માનસિક ત્રાસને કારણે નઝમાએ ગઈ તા.૧૮ માર્ચના રોજ ફાંસો ખાઈ લીધો હતો.

આ મામલે નઝમાની બહેને ગઈકાલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં નઝમાના સાસરીયાઓ સામે આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો. વધુ તપાસ ચોકબજાર પીએસઆઈ આર.બી.રાજપુત કરી રહ્યા છે.

## તા.૩૦મીએ 'હીરા ઉધોગ બંધ'ના બેનરો લાગ્યા




**હીરા ઉધોગમાં લાંબા સમયથી ચાલી રહેલી ઘોર મંદીમાં કેટલાય રત્નકલાકાર પરિવારો બરબાદ થવાની કગાર ઉપર આવી ગયા છે ત્યારે સરકારમાં થોડા સમય પહેલા જ રજુઆત કરવામાં આવી હતી. દરમિયાન કલેક્ટરે હીરા ઉધોગના અગ્રણીઓ સાથે તાકીદે બેઠક પણ બોલાવી તેમની રજુઆત સાંભળી હતી ત્યારે ધીરજ ખુટી પડતા રત્નકલાકારો દ્વારા રવિવારના રોજ સવારે હડતાળનું એલાન કરાયું છે. શહેરના તમામ નાના મોટા હીરા કારખાના પોતાનું કામ કાજ બંધ રાખી હડતાળમાં જોડાનાર હોવાનું જાણવા મળ્યું છે ત્યારે કતારગામ, વરાછા સહિત હીરા બજારોમાં હડતાળના બેનરો લાગી ગયા છે. (તસવીર : હનીફ મલેક)**

## સીમાડા ગામ સિદ્ધાર્થનગર પાસે રાત્રી સમયે માટી ચોરી

### જાગૃત નાગરિક સરથાણા પોલીસમાં અરજી કરી

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૨૮**

સીમાડા ગામ સિદ્ધાર્થ નગર પાસે આવેલી સ્વાગત સોસાયટી નજીક રાત્રિના સમયે ગેરકાયદેસર રીતે માટી ચોરી થઈ રહી હોવાનું ધ્યાને આવતા આ બાબતે જાગૃત નાગરીક એવા ૫૦ વર્ષિય વેપારીએ સરથાણા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી.



સરથાણા પોલીસ સ્ટેશનમાં અરજદાર દિનેશ મોહનભાઈ દેસાઈએ કરેલી અરજીમાં જણાવ્યું છે કે, સીમાડા ગામ સ્વાગત બસ સ્ટેશનની સામે બીઆરટીએસ રોડ ઉપર ગેરકાયદે રાત્રિના સમયે કેટલાક લોકો માટી ચોરી કરી રહ્યા હતા. સ્વાગત સોસાયટીના રહીશો દ્વારા દિનેશ દેસાઈને જાણ કરવામાં આવતા તેમણે તપાસ કરતા ટ્રેક્ટરમાં માટી ભરેલી જણાઈ આવી હતી. આ મામલે પોલીસ કંટ્રોલ રૂમમાં કોલ કરાતા પોલીસે સ્થળ ઉપર પહોંચી ટ્રેક્ટર જપ્ત કર્યા હતા.

## ૮૦૦૦ દારુની પરમીટ ધરાવતાં સુરતીલાલા વર્ષે ૮,૪૦,૦૦૦ લિટર દારુ કાયદેસર ગટગટાવી જાય છે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૮**

ગુજરાત રાજય તેના સ્થાપના કાળથી એટલે કે તા.૧/૫/૧૯૬૦ થી આજ પર્યંતનશાબંધી નીતિનો અમલ કરી રહેલ છે. નશાબંધી નીતિનો અમલ એ ગુજરાતની આગવી અસ્મિતા છે. દેશમાં સંપૂર્ણનશાબંધી નીતિને વરેલું રાજય એકમાત્રગુજરાત જ છે. કેટલાક રાજયોએ નશાબંધી અપનાવી પાછળથી ત્યજી દીધી છે. જયારે ગુજરાતે કોઈપણ જાતનીબાંધ-છોડ કર્યા સિવાય ચુસ્તપણે નશાબંધી નીતિનેવળગી રહેલ છે અને ગાંધી મૂલ્યોનું તેમજ ધાર્મિક મૂલ્યોનું જતન કર્યું છે.

સુરતઃ સુરતીઓ ખાવા પીવાના શોખીન છે. દારૂ પીવા માટે સુરતીઓ દમણ સુધી જતા હોય છે, જયારે અનેક સુરતીઓ ઘરે બેઠાં દારૂ પીવા માટે પરમીટ કઢાવતા હોય છે, પરમીટનો દારૂ સુરતીઓને મોંઘો પડતો હોવા છતાં પણ દરવર્ષે પરમીટ કઢાવનારાની સંખ્યામાં વધારો થાયછે.ગુજરાતમાં દારૂ બંધી છે. તેમ છતાં મેડિકલ કારણોસર પરમીટ ઈશ્યુ કરવામાં આવે છે. ત્યારે રાજયમાં અમદાવાદ બાદ સૌથી વધુ પરમીટ સુરતીઓ ધરાવે છે.

ગુજરાતમાં દારૂની નવાઈ નથી એમાંય ખાસ કરીને સુરત શહેરમાં માંગો એ બ્રાન્ડનો દારૂ મળી જાય છે સુરતીજનો ખાણીપીણીના શોખીન છે દારૂબંધી હોવા છતાં પણ એકલા સુરતમાં કરોડો રૂપિયાના દારૂ પીવાય જાય છે દારૂના ધંધામાં બુટલેગરોની સાથે પોલીસને પણ બખ્ખાં થઈ જાય છે ગેરકાયદે દારૂનું ધુમ વેચાણ તો થાય છે પરંતુ સરકારી પરમીટ ધરાવતા સુરતીઓ હજારો લિટર વિદેશી દારૂ બિયર ગટગટાવી જાય છે.

સુરત આબકારી નંસાબંધી વિભાગ પાસેથી પાપ્ત માહિતી મુજબ સુરત શહેરમાં અત્યાર સુધી અંદાજે ૮૮૦૦ જેટલા દારૂ પીવાનો સરકારી પરવાનો ધરાવતા લોકો છે. જેમાં અન્ય સ્ટેટ માંથી સુરતમાં કામ ધંધે આવનારા લોકો અને એનઆરઆઈઓની મળી વધારાની ૮૦૦ જેટલી પરમીટનો સમાવેશ થાય છે સુરત શહેરમાં સરકાર માન્ય દારૂની પાંચ થી છ દુકાનો છે જ્યાં આબકારી વિભાગના અધિકારીની ઉપસ્થિતિમાં દારૂનું વેચાણ થાય છે જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ દારૂની પરમીટ ધરાવતા આ સુરતીલાલા મહિને દહાડે ૭૦ હજાર લિટર વિદેશી દારૂ બિયર ગટગટાવી જાય છે એટલે કે વર્ષે દહાડે ૮,૪૦,૦૦૦ થી વધુ લિટરનો દારૂ સુરતી લાલા ગટગટાવી જાય છે આ પરમીટ દારૂના વેચાણથી ગુજરાત સરકારને કરોડો રૂપિયાની આવક પણ પ્રાપ્ત થાય છે

વર્ષ ૧૯૧૫માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે તેમણે નોંધ્યું કે લોકોની સ્થિતિ દુઃખદ હતી અને વસતીનો મોટો ભાગ દારૂણ ગરીબીમાં જીવતો હતો. તેનું એક કારણ કેફી પીણાં તથા પદાર્થોના સેવનનું અનિષ્ટ હતું. ગાંધીજીએ વિદેશી શાસનમાંથી મુક્તિની સાથોસાથ સામાજિક ઉત્થાન માટે ચાર બાબતોનો કાર્યક્રમ ઘડી કાઢયો. તેમાંની એક બાબત નશાબંધી નીતિ હતી.જેનો અમલ આજે પણ ગાંધીનાં ગુજરાતમા થાય છે.ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ સાથે સાથે નશાબંધી નીતિ અંતર્ગત દારુ પીવા માટે પરમિટ આપવાનું પણ એક નિયમ ઉપસ્થિત છે. ગુજરાત રાજયમાં વસતી વ્યક્તિઓને પોતાનું આરોગ્ય જાળવવા અથવા નિભાવવા માટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજામાં રાખવા, વાપરવા અને ઉપભોગ માટે નશાબંધી નીતિ અંતર્ગત કાર્યપધ્ધતિ અનુસર્યેથી સ્વાસ્થ્ય પરમિટ મળી શકે છે.

તેમજ ભારત બહારના કોઈ અન્ય દેશ કે જયાં દારૂનો સામાન્ય રીતે વપરાશ કરવામાં આવતો હોય તે દેશમાં જન્મેલ કે ઉછરેલ અથવા ત્યાંની નિવાસી હોય તેવી અને ભારત સિવાયના તેવા દેશનું નાગરિકત્વ ધરાવતી હોય તેવી વ્યક્તિઓને તેવા દેશમાંથી ગુજરાત રાજયમાં હંગામી ધોરણે વસવાટ કરવા આવે ત્યારે ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજામાં રાખવા, વાપરવા અને ઉપભોગ કરવા માટે જણાવેલ કાર્યપધ્ધતિ અનુસર્યેથી હંગામી રહેવાસીઓ માટેની પરમિટ મળી શકે છે.

### ખાણીપીણીના શોખીન સુરતીઓ હવે દારુની પરમીટ કઢાવવામાં પણ અગ્રેસર